# પત્નીનું સન્માન-ગૃહસ્થીનું ઉત્થાન



– શ્રીરામ શર્મા આચાર્ય

# પત્નીનું સન્માન ગૃહસ્થીનું ઉત્થાન

લેખિકા
માતા ભગવતીદેવી શર્મા

પ્રકાશક :
યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ
ગાયત્રી તપોભૂમિ, મથુરા.
ફોન (૦૫૬૫) ૨૫૩૦૧૨૮, ૨૫૩૦૩૯૯
મો૦ ૦૯૯૨૭૦૮૬૨૮૭, ૦૯૯૨૭૦૮૬૨૮૯
ફેક્સ : (૦૫૬૫) ૨૫૩૦૨૦૦

પ્રાપ્તિ સ્થાન
શાખા અમદાવાદ
ગાયત્રી જ્ઞાનપીઠ, પાટીદાર સોસાયટી,
જૂના વાડજ, અમદાવાદ-૩૮૦ ૦૧૩
ફોન ૦૭૯-૨૭૫૫૭૨૫૨

સુધારેલી આવૃત્તિ-૨૦૧૧ કિંમત રૂા. ૧૨.૦૦

Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# અનુક્રમણિકા


૧. નારીનું ગૌરવ સમજો અને સન્માન આપો ૪

૨. નારીના સંગાથ વિના પ્રગતિ અશક્ય ૮

૩. પુરુષો પોતાનું કર્તવ્ય નિભાવે ૧૫

૪. પતિવ્રતની સાથોસાથ પત્નીવ્રત ધર્મ પણ નિભાવીએ ૧૯

૫. પતિ હોવાનો અહંકાર છોડીએ ૨૨

૬. પુરુષ પ્રાયશ્ચિત કરવા આગળ આવે ૨૬

૭. મોટાઇ માટે શું એકલા પુરુષનો અધિકાર છે? ૩૨

૮. પતિવ્રતનું કર્તવ્ય અને મર્યાદાઓનું પાલન શું પત્નીએ જ નિભાવવાનું ? ૩૯

૯. પતિ જ નહીં, પતિના કર્તવ્યો પણ છે ૪૩

૧૦. સહધર્મચારિણીની પ્રત્યે કર્તવ્યનિષ્ઠ રહો ૪૮

૧૧. પત્નીને દાસી નહીં, સાથીદાર માનીએ ૫૩

૧૨. જીવનસાથીની સાથે માનવીય વ્યવહાર કરો ૫૮



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# બે બોલ

'મહિલા જાગૃતિ અભિયાન' પત્રિકા વંદનીય માતાજીના સંપાદન હેઠળ અનેક વર્ષો સુધી પ્રકાશિત થતી રહી છે. આ પત્રિકાના માધ્યમથી આત્મવિસ્મૃતિના ખાડામાં પડેલી નારીઓને બચાવવાનો અને પુરુષોને તેમનું ગૌરવ અને મહિમા સમજાવવાનો સતત પ્રયાસ થતો રહ્યો છે. તેમના એ લેખોની ઉપયોગિતા અને મહત્ત્વ આજે પણ તે સમય જેટલું વિશેષ છે. તેમનું સ્થૂળ શરીર આજે આપણી વચ્ચે ન રહેવાને કારણે તેમના આ લેખો નારી જાગૃતિ અને ઉત્થાનની દિશામાં આપણને વિશેષરૂપથી પ્રેરણા અને ઉત્સાહ આપતા રહેશે.

વંદનીય માતાજીનું સ્વપ્ન અને જીવન ધ્યેય છે કે મહિલા જાગરણ દ્વારા નારીના હણાયેલા ગૌરવને ફરીથી સન્માનપૂર્વક અસલ સિંહાસન પર પ્રતિષ્ઠિત કરવું. આ હકીકતને ધ્યાનમાં રાખીને અમે આ શ્રદ્ધાંજલિ વર્ષમાં 'મહિલા જાગૃતિ અભિયાન' પત્રિકામાં પ્રકાશિત થયેલા તેમના લેખોનું સંકલન કરીને નીચે દર્શાવ્યા પ્રમાણેના ત્રણ પુસ્તકોના સ્વરૂપમાં પ્રકાશિત કરી રહ્યાં છીએ

(૧) પત્નીનું સન્માન - ગૃહસ્થીનું ઉત્થાન

(૨) નારીઉત્થાનમાં સમાજની જવાબદારી

(૩) માતૃશક્તિના ઉત્થાનમાં પોતાની સ્વયંની ભૂમિકા

પરિજનો અને વાચકો આ પુસ્તકોનો યોગ્ય લાભ ઉઠાવશે તેવી આશા અને વિશ્વાસ છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# ૧. નારીનું ગૌરવ સમજો અને સન્માન આપો

આજે નારીને આપણે ઘરની કેદી, પડદાની પ્રતિમા અને પગનું પગરખું બનાવી દીધી છે. આમ છતાંય તે મૂંગા પશુની માફક બધું જ દુઃખ અને કલેશનું ઝેર પી જઈને સ્નેહનું અમૃત વરસાવે છે. સમાજની તે નારીનું સાચું સ્વરૂપ અને મહત્ત્વ વિશે નિષ્પક્ષ થઈને વિચાર કરીશું તો આપણો જ આત્મા આપણા પર ધિક્કાર વરસાવશે. માનવતાની દૃષ્ટિએ, સહધર્મચારિણી હોવાની દૃષ્ટિએ, રાષ્ટ્ર અને સમાજની ઉન્નતિની દૃષ્ટિએ તેને તેનું યોગ્ય સ્થાન આપવું જ જોઈએ. હવે વધુ દિવસો સુધી તેના અસ્તિત્વ, વ્યકિતત્વ તથા અધિકારોનું શોષણ થતું રહેશે તો રાષ્ટ્રની એવી દુર્ગતિ થશે કે તેમાંથી બચવું મુશ્કેલ થઈ પડશે. હજુ પણ સમય છે અને ચેતી જઈને આપણી ભૂલને સુધારી લેવામાં સમાજનું કલ્યાણ અને બુદ્ધિમત્તા છે.

નારીનું સૌથી મોટું મહત્ત્વ તેનું જનની તરીકેનું છે. જો તે જનની ન હોત તો કયાંથી સૃષ્ટિનું સર્જન થાત અને કયાંથી સમાજની તથા રાષ્ટ્રની રચના થઈ શકત. જો તે મા ન હોત તો તે કઈ શકિત હોત કે જે સંસારમાંથી અનીતિ અને અત્યાચારો મિટાવવા માટે શૂરવીરોને ધરતી પર ઉતારત. જો માતા ન હોત તો આ બધા મોટા-મોટા વૈજ્ઞાનિકો, પ્રકાંડ પંડિતો, પ્રખર સાહિત્યકારો, તત્ત્વજ્ઞાનીઓ, મનીષીઓ, મહાત્માઓ અને વિરલ મહાપુરુષો કોના ખોળામાં રમત રમીને ધરતી પર પોતાનું પદાર્પણ (સર્જન) કરત. નારી માણસ, સમાજ તથા રાષ્ટ્રની જનની જ નથી, તે તો જગતજનની છે. તેનું યોગ્ય સન્માન ન કરવું ગુનો છે તેમજ વધુમાં પાપ અને અમાનવીયતા છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

નારી ગર્ભ ધારણ કરીને તેનું પોષણ કરે છે અને એક બાળકને જન્મ આપે છે અને તે બાળક જ્યાં સુધી પોતાના પગ પર ચાલી શકતું નથી અને પોતાના સ્વ હસ્તે ખાઈ શકતું નથી ત્યાં સુધી જનની તેને છાતી પર વળગાડી રાખીને પોતાનો જીવનરસ પીવડાવતી રહે છે. પોતાના કરતાં વિશેષ સંતાનના રક્ષણ અને સુખ-સગવડમાં ડૂબેલી રહે છે. પોતે ભીનામાં સૂઈ જાય છે પરંતુ બાળકને સૂકામાં સુવડાવે છે. તેનાં મળ-મૂત્ર સાફ કરે છે. તેને સ્વચ્છ-સુઘડ રાખવામાં પોતાનું અસ્તિત્વ ભૂલી જાય છે. આ રીતે પ્રત્યેક મનુષ્ય કોઈને કોઈ નારીનો ઋણી છે. આવી દયાવાન નારીનો ઉપકાર જો તિરસ્કાર તથા ઉપેક્ષાથી ચૂકવવામાં આવે છે તો એનાથી મોટી શરમની વાત બીજી કઈ હોઈ શકે છે ?

પત્નીના રૂપમાં તેનું મહત્ત્વ કંઈ ઓછું નથી. નારી પુરુષની અર્ધાંગિની છે. પત્ની વિના પતિનું વ્યક્તિત્વ પૂરું થતું નથી. તેના મહિમાને કારણે પુરુષ ગૃહસ્થ બનવાનું ગૌરવ મેળવે છે અને પત્નીના જ માધ્યમ દ્વારા તેની વંશપરંપરા ચાલે છે. પત્નીની એ ઉદારતા છે કે તે પુરુષના પશુત્વને પુત્રમાં બદલીને તેનો સહારો સર્જે છે. પુરુષનો પ્રેમ, સ્નેહ તથા પ્રબળ આવેગોને પ્રદર્શિત કરવામાં પત્નીનો કેટલો સહયોગ હોય છે એને સૌ કોઈ જાણે છે. પરેશાની, નિરાશા, આપત્તિ અથવા જીવનના ગાઢ અંધકારમાં પત્ની સિવાય બીજું કોણ હોય છે કે જે પોતાના હાસ્યથી ઉજાશ ભરી દે છે અને પોતાના પ્રેમ તથા સ્નેહથી નવજીવન જગાડીને આશ્વાસન આપે છે. પત્નીનો સહયોગ પુરુષના સુખમાં અનેરો સાથ આપે છે અને દુઃખમાં તેનો ભાગીદાર બનીને હાથ લંબાવે છે. દિવસ પર્યંત બહાર કામ કરીને અને વિવિધ પ્રકારના સંઘર્ષોથી થાકીને આવનાર પુરુષને પત્ની સિવાય બીજું કોણ હોય છે કે જે તેના ભોજન, સ્નાન



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તથા આરામ-વિશ્રામની વ્યવસ્થા તૈયાર રાખે છે ?

પુરુષ એક ઉદ્યોગી તથા ઉચ્છૃંખલ એકમ છે. કુટુંબ વસાવીને રહેવું તેનો સહજ સ્વભાવ નથી. એ તો નારીની કોમળ કુશળતા છે જે તેને કૌટુંબિક પ્રસન્નતાનું વાતાવરણ આપતી રહે છે. પત્ની જ પુરુષને તેના પરિશ્રમની સિદ્ધિઓની વ્યવસ્થા કરી આપે છે અને ઉપયોગી બનવામાં મદદ કરે છે. પત્નીને કારણે જ પુરુષ ગૃહસ્થી બને છે અને પ્રસન્નચિત્તે સામાજિક જીવન વિતાવતો હોય છે. પત્ની સિવાયના પુરુષનો સમાજમાં અપેક્ષા કરતાં ઓછો આદર થાય છે. જે પત્નીની સાથેનું ગૃહસ્થી જીવન વિતાવે છે તેની કૌટુંબિક સામાજિકતા વિકસતી રહે છે. પત્નીનું સંરક્ષણ પુરુષને અનેક દુષ્પ્રવૃત્તિઓથી બચાવે છે. પત્નીના રૂપમાં નારીનું મહત્ત્વ કંઈ ઓછું નથી. જો આજે સંસારમાંથી નારીનું અસ્તિત્વ દૂર થઈ જાય તો કાલથી જ પુરુષ પશુ બની જાય, સમગ્ર સમાજવ્યવસ્થા તૂટી જાય અને સૃષ્ટિનું આજનું વ્યવસ્થિત માળખું અસ્તવ્યસ્ત બની જાય.

નારીને અર્ધાંગિની જ નહીં, સહધર્મચારિણી કહેવામાં આવી છે. પુરુષનું કોઈ પણ ધર્માનુષ્ઠાન પત્ની સિવાય પૂરું થતું નથી. મહાન રાજસૂય તથા અશ્વમેધ યજ્ઞોમાં યજમાનોએ પોતપોતાની પત્નીની સાથે બેસવું પડતું હતું અને આજે પણ સોળ સંસ્કારોથી માંડીને તીર્થસ્નાનનું મહત્ત્વ ત્યારે પૂરું થાય છે જ્યારે ગૃહસ્થી પત્નીને સાથે લઈને પૂરું કરે છે. કોઈ પણ ગૃહસ્થીને સામાન્ય દશામાં એકલાએ ધર્માનુષ્ઠાન કરવાનો પ્રતિબંધ છે એટલું જ નહીં, ભારતીય ધર્મમાં નારીને એથી પણ વધુ મહત્ત્વ આપવામાં આવ્યું છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ જેવા દેવતાઓના કામકાજ પણ તેમની સહધર્મચારિણી સરસ્વતી, લક્ષ્મી તથા પ્રાર્વતીના સિવાય પૂરું થાત નહીં. કયાંય કોઈ જગ્યા પર પણ એઓ પોતાની શકિતઓ સિવાય જોવા મળતાં નથી. વિદ્યા,



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વૈભવ (લક્ષ્મી) તથા વીરતાની અધિષ્ઠાત્રી દેવીઓના રૂપમાં પણ નારીની જ પ્રતિષ્ઠા રજૂ થયેલી છે અને તેને શારદા શ્રી તથા શકિતના નામથી ઓળખવામાં આવેલ છે.

નારીઓની ધાર્મિક, સામાજિક તથા રાષ્ટ્રીય સેવાઓ માટે ઈતિહાસ સાક્ષી છે, જેનાથી ખરેખર ખબર પડી શકે છે કે નારી પુરુષ કરતાં કોઈ પણ ક્ષેત્રમાં પાછળ નથી. અનસૂયા, ગાર્ગી, મૈત્રેયી, શતરૂપા, અહલ્યા, મદાલસા જેવી ધાર્મિક અને સીતા, સાવિત્રી, દ્રૌપદી, દમયંતી જેવી પૌરાણિક તથા પદ્માવતી, વીરબાળા, વીરમતી, લક્ષ્મીબાઈ, નિવેદિતા, કસ્તૂરબા જેવી જાગૃત નારીઓ રાષ્ટ્રીય અને સામાજિક ક્ષેત્રની પ્રકાશવંતી તારિકાઓ છે. વેદ તથા ઈતિહાસના ગ્રંથોનો અભ્યાસ કરવાથી ખબર પડે છે કે પ્રારંભિક કાળમાં જ્યારે સાધનોની ઊણપ હોવાથી પુરુષોને મોટેભાગે જંગલોમાંથી ખાદ્યસામગ્રી પ્રાપ્ત કરવાની તથા આત્મરક્ષાનાં કામોમાં વિશેષ ધ્યાન આપવું પડતું હતું ત્યારે વ્યવસ્થા, જ્ઞાન-વિજ્ઞાન તથા સભ્યતા અને સંસ્કૃતિ સંબંધી વિષયોમાં ઘણુખરું કામ નારીઓ જ કરતી હતી. આથી અનેક તત્ત્વજ્ઞાની શોધકો મનુષ્યોની આદિમ સભ્યતાની જન્મદાત્રી નારીને જ માને છે. આવી મહત્ત્વપૂર્ણ તથા જીવનદાયિની નારીની ઉપેક્ષા કયાં સુધી કરતા રહીશું એ એક વિચારણીય વિષય છે.

નારી પોતાનાં વિવિધ રૂપોમાં હંમેશાં માનવજાતિના ત્યાગ, બલિદાન, સ્નેહ, શ્રદ્ધા, ધૈર્ય, સહિષ્ણુતાનું જીવન વિતાવતી રહી છે. નારી ધરતી પર સ્વર્ગીય જ્યોતિની સાકાર પ્રતિમા માનવામાં આવી છે. તેની વાણી જીવનના માટે અમૃતસ્રોત છે. તેની આંખોમાં કરૂણા, સરળતા અને આનંદનાં દર્શન થાય છે. તેના હાસ્યમાં સંસારની બધી નિરાશા અને કડવાશ દૂર કરવાની અપૂર્વ ક્ષમતા છે. નારી દુઃખી હૃદયની શીતળ છાયા અને સ્નેહ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સૌજન્યની સાકાર પ્રતિમા છે. નારી પુરુષની પૂરક સત્તા છે. તે મનુષ્યની સૌથી મોટી શકિત છે, તેના સિવાયનું પુરુષનું જીવન અધૂરું છે. નારી જ તેને પૂર્ણ બનાવે છે. જ્યારે પુરુષનું જીવન અંધકારથી છવાઈ જાય છે ત્યારે નારીની સંવેદનાયુકત મુસ્કાન (હાસ્ય) તેમાં પ્રકાશ પાથરી દે છે. પુરુષના શુષ્ક જીવનને તે સુંદર અને પ્રકાશવાન બનાવીને હરિયાળું બનાવે છે. નારીનું વાસ્તવિક સ્વરૂપ જોતાં જણાય છે કે તે પુરુષની પૂરક સત્તા જ નથી, બલ્કે ફળદ્રુપ ભૂમિના રૂપમાં પણ તેની ઉન્નતિ, પ્રગતિ તથા કલ્યાણનું સાધન બને છે. સ્વયં પ્રકૃતિ જ નારીના રૂપમાં સૃષ્ટિનું નિર્માણ, પાલન-પોષણ અને વિકાસનું કાર્ય કરી રહી છે.

## ૨. નારીના સંગાથ વિના પ્રગતિ અશક્ય

કોઈ પણ સ્થિતિ કે દશા પ્રત્યક્ષ લાભદાયક તથા ઉપયોગી સાબિત થતી હોય અને તે સરળતાથી વધુ શ્રમ કર્યા સિવાય મેળવી શકાતી હોય અને છતાંય તેની પ્રત્યે ધ્યાન અપાતું ન હોય તો એ સૌથી મોટી મૂર્ખતા ગણાશે. જેમ કે ઘરમાંના લોકો પર પોતાનો રુઆબ જામશે એવી ગણતરીથી ઘરમાં જામેલ શાંત અને સારા વાતાવરણને નષ્ટભ્રષ્ટ કરવામાં આવે તો એ અમૃતમાં ઝેર ભેળવવા જેવી કુચેષ્ટા જ ગણાશે. ઘરમાં યોગ્ય રીતે કામ કરનારા સભ્યો પર માત્ર રુઆબ જમાવવાની દૃષ્ટિથી તેમને તંગ કરવા અને ત્યાંની શાંતિ નષ્ટ કરવી તે ઉદ્દંડતા જ નહીં, બલ્કે મનુષ્યની ક્ષુબ્ધતાનો પણ પરિચય આપનાર નીવડશે. બધા લોકો આ રીતે ક્ષુબ્ધ ન થાય. પરંતુ નારીની જે દયાજનક અને દુર્ભાગ્યયુકત દુર્દશા છે તેનાં કારણો પર વિચાર કરવામાં આવે તો તે કલંકિત કાલિમાની જવાબદારી પુરુષો પર છવાયેલી છે.

નારીની વર્તમાન સ્થિતિ દયાજનક અને દુર્ભાગ્યયુકત છે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

એમાં કોઈ બેમત નથી. દયાજનક એટલા માટે છે કે તેને માનવોચિત અધિકારોથી વંચિત કરવામાં આવી છે. પશુઓની માફક તેના ગળામાં સાંકળ, પગમાં બેડીઓ અને ઘરની ચાર દીવાલોમાં કેદ રહેવાનો પ્રતિબંધ છે અને દુર્ભાગ્ય એટલા માટે છે કે બધા પ્રકારના તેના પર લાગેલા પ્રતિબંધો અયોગ્ય હોવા છતાંય તેને સ્વાભાવિક જ સમજવામાં આવે છે. નારી યોગ્યતા, પ્રતિભા, ક્ષમતા અને સામર્થ્યની દૃષ્ટિએ પુરુષ કરતાં કોઈ પણ રીતે ઉતરતી નથી છતાંય તેને ઘરમાં જ સીમિત રહેનારી, બાળકો પેદા કરનારી અને ઘરની રખેવાળી કરવા પૂરતી જ ઉપયોગી સમજવામાં આવે છે. ઈતિહાસ પ્રસંગો અને વિચારોથી પણ તેની ક્ષમતાઓનો પરિચય મળતો હોવા છતાંય ન જાણે કેમ તેને વિકસિત થવા દેવામાં આવતી નથી ? પ્રત્યેક માણસ એવું અનુભવે છે કે નારી તેની સહયોગી બનવાને બદલે તેના માટે અનિચ્છનીય અને બેકાર બોજ જ સાબિત થાય છે. પૂછવું જોઈશે કે સહયોગીને બોજ બનાવી લેવા માટે કોણ જવાબદાર છે ? મોટેભાગે લોકો એક જ ઘરેડનો જવાબ આપે છે કે એ તો હંમેશથી ચાલતું આવ્યું છે.

પહેલી વાત તો એ છે કે આ રીતના જવાબમાં આપણી કમજોરીઓ જ છતી થાય છે. નહીં તો પ્રાચીનકાળથી ચાલી આવતી સ્થિતિ અને પરંપરાના રૂપમાં નારીનું દર્શન આપણે એટલા માટે ચાલુ રાખ્યું છે કે તે પુરાણી પરંપરા છે. આશ્રમ, ધર્મ, સંસ્કાર, યજ્ઞ, કર્મકાંડ, દાન, સમાજવ્યવસ્થા વગેરેના પ્રાચીન રૂપો હવે નષ્ટ થઈ રહ્યાં છે અને લોકો એમાં જ પ્રગતિનું ગૌરવ માને છે. પ્રાચીન હોવાની વાત અહીં અડચણ બનતી નથી છતાંય નારીના સંબંધમાં તેની પ્રશંસા કેમ થાય છે ?

વિવેકપૂર્વક જોતાં અસલિયત કંઈ ઊલટી દેખાય છે અને સાબિત થાય છે કે આ અતિ મહત્ત્વપૂર્ણ વિષયની કોઈ સ્વાર્થને



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કારણે ઉપેક્ષા થઈ રહી છે. તેમાં પુરુષનો અહંકાર સૌથી વધુ નડે છે. સૌ કોઈ જાણે છે કે જ્યાં વિચારશીલતા હશે અને વિકાસનાં સોપાનો આગળ વધશે ત્યાં યોગ્યતાનો સ્વીકાર થશે અને અયોગ્યતાનો ઈન્કાર થતો રહેશે. નારી અવિકસિત છે એટલા માટે પુરુષની પ્રત્યેક યોગ્ય-અયોગ્ય વાત માને છે અને તેથી પુરુષનો અહં પોષાતો જાય છે. નારી જો વિકસિત થાય તો તે પુરુષની દરેક વાત તેના કહેવા મુજબ ન સ્વીકારે અને તેથી તેનો અહંકાર ઘવાઈ શકે છે. આથી આવી નાની સરખી વાતને લીધે પુરુષવર્ગ નારીને અવિકસિત રૂપમાં જ જોવાનું વધુ પસંદ કરે છે.

આ વાત દેખીતી રીતે ભલે નાની સરખી જણાતી હોય, પરંતુ અહંકારની ભાવના એટલી પ્રબળ અને દુષ્ટ છે કે તેમાં મોટામાં મોટું નુકસાન પણ જણાતું નથી. રાવણ અને કંસ જેવા રાક્ષસોથી માંડીને ચંગેઝખાં, મોહંમદ ઘોરી અને હિટલર સુધીના કલંકિત માણસોએ માત્ર અહંકારને વશ થઈને મોટામોટા અત્યાચારો કર્યા અને ઉત્પાત મચાવ્યો હતો. એમના અહંકારે વિવેકના ચૂરેચૂરા કર્યા હતા, પરંતુ સામાન્ય લોકો તો અહંકારને બદલે લાભ અને ઉપયોગિતાના પક્ષને મહત્ત્વ આપે છે. જો વિચારપૂર્વક ચિંતન કરવામાં આવે તો ચોક્કસ જ તેમણે પોતાની રીતભાતમાં પરિવર્તન કરવું પડશે.

માણસો દ્વારા જ જાતિ અને સમાજ બને છે. પરંતુ સામૂહિક દૃષ્ટિથી જોવામાં આવે તો ત્યાં અહંકારના ઉપરાંત સ્વાર્થ પણ કારણરૂપે હયાત જણાશે. ઉદાહરણરૂપે જોઈએ તો કલાકાર આ સ્વાર્થને કારણે વ્યાવસાયિક ફાયદો ઉઠાવવા માટે નારીનું અશ્લીલ અને બેહુદું રૂપ રજૂ કરે છે. લેખક, ચિત્રકાર, મૂર્તિનો શિલ્પકાર, ગાયક અને અભિનેતા વગેરે બધા જ આ કક્ષામાં આવી જાય છે કારણ કે તેઓ નારીના શરીરને રમકડું



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

બનાવીને રજૂ કરવામાં પોતાને નર્યો સ્વાર્થ જુએ છે અને બે હાથથી ધન કમાઈ લેવા ઇચ્છે છે. વ્યાપારી લોકો પોતાની વસ્તુઓના પ્રચારના સસ્તા ઉપાયરૂપે નારીના અર્ધનગ્ન શરીરનાં ચિત્રોનો પ્રચાર સાહિત્ય તરીકે ઉપયોગ કરીને લોકોનું ધ્યાન પણ આકર્ષિત કરે છે. સમાજ એટલા માટે ચુપ રહે છે કે લોકોમાં અસંતોષની ભાવનાઓ આમ પણ વધી રહી છે અને નારીઓમાં જાગૃતિ આવી જાય તો તેઓ પણ પોતાની સ્થિતિથી અસંતુષ્ઠ બની જશે. આ વાત એટલે સુધી વધી છે કે નારીઓ પોતે જ આ સ્થિતિમાં પોતાનું ભલું જુએ છે. તેઓ એ સમજે છે કે ભલે પાંજરામાં પુરાયેલી રહી છે, પરંતુ તેમાં તેમની નિશ્ચિંતતા રહેલી છે. બધી જવાબદારીઓ અને બધાં બહારનાં કાર્યો તો પુરુષો પૂરાં કરે છે. તો તેઓ પોતાની નીરવ શાંતિ શા માટે ગુમાવે અને શા માટે મુક્તિ અને જાગરણનો શોર મચાવે.

સમાજનો કોઈ પણ વર્ગ પછી ભલે તે પુરુષ હોય, નોકરી-ધંધો કરનારો હોય, લેખક હોય કે ચિત્રકાર હોય તે નારીની વિટંબણાને યથાવત્ ચાલુ રહે તેમાં પોતાનો સ્વાર્થ જુએ છે કે પોતાના અહંનો સંતોષ મેળવે છે. નારીની શક્તિ અને ક્ષમતાનો ઉપયોગ સમાજને આગળ વધારવામાં થાય તેમાં પુરુષ વર્ગનો 'અહં' નડે છે.

એવું કહેવામાં આવે છે કે નારીનું મુખ્ય કાર્યક્ષેત્ર ઘર અને પુરુષનું બહાર છે. પરંતુ આ કોઈ 'લક્ષ્મણરેખા' નથી કે એમાં નારીને બંધનોમાં જકડી રાખવાની ગુંજાઈશ છે. સગવડ અને વ્યવસ્થાની દૃષ્ટિથી જ આ કાર્યક્ષેત્રનું વિભાજન કરવામાં આવ્યું છે. જરૂરિયાત પડે ત્યારે પુરુષ પણ ઘરનું કામ કરી શકે છે અને સ્ત્રીઓ પણ આજીવિકાની કમાણીમાં જોડાઈ શકે છે. પરંતુ બંને વર્ગ એકબીજાના કામમાં સહાય કરવામાં હિણપત અને



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

લજ્જા જેવું સમજે છે. નારી એક ઘરના નોકરની જેમ કામ કરનારી, વાસણ સાફ કરનારી તથા બાળકોને ખવડાવનારી છે તેવી પુરુષોની વાત તો જવા પણ દઈએ, તો પણ સામાન્ય માણસ પત્નીની બીમારીમાં પણ ઘરનું કામ કરવું પોતાની આબરુની વિરુદ્ધ સમજે છે. કામ ખરાબ છે તેટલે સુધીની વાત નથી, પરંતુ પુરુષના મનમાં નારીના પ્રત્યેનો દૃષ્ટિકોણ નિમ્ન છે. આથી નાનાસરખા કામમાં પણ પુરુષવર્ગ ઘરનું કામ કરવાની વાતથી પાછો પડે છે.

આવી રીતે મહિલાઓ જરૂરિયાત જણાતાં કે અન્ય કારણોને લીધે જ્યારે ઘરની બહાર પગ મૂકે છે ત્યારે તેમને ઉપહાસની દૃષ્ટિથી જોવામાં આવે છે. લોકો કહેવા લાગે છે, "આજના જમાનામાં મહિલાઓ પુરુષોની હરીફ બની ગઈ છે અને તેમને પાછળ પાડવા ઈચ્છે છે." જે મહિલાઓમાં વાસ્તવમાં આ રીતની મનોવૃત્તિ હોય, તેમની વાત અલગ છે. પરંતુ લાચારી કે જરૂરિયાતની દૃષ્ટિથી જે સ્ત્રીઓ સ્વાવલંબી બનવાના પ્રયત્નો કરી રહી હોય તેઓને હતોત્સાહિત ન કરવી જોઈએ. એવું વિચારવું પણ ન જોઈએ કે આ કાર્ય ફક્ત પુરુષોની જ મિલકત છે અને સ્ત્રીઓમાં લેશમાત્ર પણ પ્રતિભા કે યોગ્યતા નથી. તેઓ સ્વાવલંબી બની જ ન રહે.

ગુલામીની પ્રથાની આ માન્યતાએ સમાજને મોટું નુકસાન પહોંચાડ્યું છે. જ્યારે નારીને અયોગ્ય, નિર્બળ, આશ્રિત અને અસમર્થ માની લેવામાં આવી હોય અથવા બનાવી દેવાઈ હોય ત્યારે અવરોધ ન માત્ર નારીને આગળ વધતી રોકવાથી ઉત્પન્ન થશે, બલ્કે તેની અસર સમગ્ર સમાજ પર પડશે. બોજ કે ભારથી લઈને અપંગતા સુધીનો શાપ માત્ર નારીને જ નહીં, પરંતુ સમગ્ર સમાજ કે જેમાં પુરુષવર્ગ પણ આવી જાય છે, તેણે પણ ભોગવવો પડશે. આ માટે એક નાનુંસરખું ઉદાહરણ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સમજીએ. ઘરમાં રોજબરોજ ઉપયોગમાં આવતો સામાન જેવો કે શાકભાજી, મસાલા વગેરે સ્ત્રીઓ બજારમાંથી ખરીદીને લાવી શકે છે, પરંતુ પરંપરાગત રૂપથી સ્ત્રીઓને પર્દામાં રાખતાં કુટુંબોમાં આ કામ પુરુષોએ જ કરવું પડે છે. એક વાત એ છે કે વિશેષ કોઈ કામ ન હોવાથી મહિલાઓ નવરી રહે છે, તેમનો સમય પણ નષ્ટ થાય છે, વધુમાં પુરુષોને કમાણીના ઉપરાંત બહારથી જરૂરી સામાન લાવવામાં પોતાનો સમય ગુમાવવો પડે છે. આમ બંનેના સમયની બરબાદી થાય છે અને તેનું કારણ માત્ર એટલું જ છે કે સ્ત્રીઓ ઘરની બહાર નીકળી શકતી નથી, કેમ કે એમાં ઘરની આબરુ સુરક્ષિત રહે છે તેમ સમજવામાં આવે છે.

આજ રીતે સુશિક્ષિત અને યોગ્ય મહિલાઓ ઇચ્છે તો પોતાનાં બાળકોને જાતે ભણાવી શકે છે અને તેમની યોગ્ય દેખભાળ કરી શકે છે. પરંતુ કન્યા શિક્ષણને બિનજરૂરી સમજવાને લીધે મોટાભાગનાં ઘરોમાં સ્ત્રીઓ અભણ હોય છે. ઘરનું કામકાજ અને બાળકોની દેખરેખ તો તેઓ કરતી હોય છે, પરંતુ તેમના એ કાર્યથી અપેક્ષિત લક્ષ્ય સફળ થશે કે બાળકોના પાલનપોષણની સાથોસાથ તેમના ઘડતરની જવાબદારી પણ પૂરી થઈ જાય છે એવું નિશ્ચિત રૂપથી કહી શકાતું નથી.

આ વિટંબણાઓનું કારણ સ્ત્રીઓમાં યોગ્યતાનો અભાવ નથી. સ્ત્રીઓ પણ પુરુષોની સાથે ખભેખભો મિલાવીને સમાજ-નિર્માણ તથા રાષ્ટ્રનિર્માણના કાર્યમાં ભાગ લઈ શકે તેટલી યોગ્યતા ધરાવે છે. ઈતિહાસમાં આ અંગેની હકીકતો પર ધ્યાન આપવામાં આવે તો પુરુષોના બદલે મહિલાઓએ વિશેષ નોંધપાત્ર કાર્ય કરેલું માલુમ પડે છે. તેઓ સ્વતંત્ર રીતે પોતાની પ્રતિભા અને ક્ષમતાનો ઉપયોગ કરતી રહે છે. યુગને બદલનાર મહાપુરુષોના નિર્માણનું શ્રેય પણ તેમની માતાઓને આપવામાં



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આવે છે અને મહામાનવોના બદલે તેમની માતાઓને વધુ પ્રશંસાપાત્ર સમજવામાં આવે છે.

સામાજિક દૃષ્ટિથી જોઈએ તો માલુમ પડશે કે જે દેશોમાં સ્ત્રીઓને માનવોચિત અધિકાર મળ્યા છે, ત્યાંની સ્ત્રીઓ પુરુષોની સાથે ખભેખભો મિલાવીને રાષ્ટ્રનિર્માણના યજ્ઞમાં જોડાયેલી છે. એવાં કેટલાંય ક્ષેત્રો છે કે જ્યાં સ્ત્રીઓએ જવાબદારી ઉપાડી લીધી છે અને તેથી પુરુષોને રાષ્ટ્રના અન્ય મોર્ચા પર નિશ્ચિતતાપૂર્વક કામ કરવાની સુવિધા કરી દીધી છે. યુગોસ્લાવિયા દેશની મહિલાઓ તેમના દેશની ખેતીવાડીની વ્યવસ્થા સંભાળે છે અને પુરુષો કારખાનાઓ, ઓફિસો, લશ્કર તથા પોલિસનું કામ સંભાળે છે. પુરુષોને ખેતી તથા પશુપાલન જેવાં કામ સંભાળવાની જરા પણ જરૂરિયાત પડતી નથી. આ જ રીતે રશિયા, ચીન, વગેરે દેશોની મહિલાઓ રાષ્ટ્રીય સંપત્તિ વધારવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપી રહી છે. રશિયામાં શિક્ષણની વ્યવસ્થા મોટાભાગે મહિલાઓ સંભાળે છે. સ્કૂલો, હૉસ્પિટલો અને સ્વાસ્થ્ય સંસ્થાઓમાં પુરુષોની સંખ્યા ઘણી ઓછી હોય છે. જાપાનની મહિલાઓ, ગૃહઉદ્યોગોના વિકાસમાં પુરુષો કરતાં એક પગલું પણ પાછળ નથી. જાપાનની મહિલાઓનું ત્યાંની અર્થવ્યવસ્થાની કરોડને મજબૂત બનાવવામાં પુરુષોની સાથે ઘણું જ મોટું યોગદાન છે. જર્મનીમાં પણ કારખાનાઓને સંભાળવામાં પુરુષ એન્જિનિયરો, વ્યવસ્થાપકો અને કારીગરોના જેટલી જ મહિલાઓ યોગ્ય સિદ્ધ થઈ રહી છે. કેનેડા, અમેરિકા, બ્રિટન જેવા દેશોમાં દુકાનો ચલાવવામાં અને ઉત્પાદિત માલની હેરફેરની વ્યવસ્થામાં મહિલાઓ પુરુષો કરતાં ઓછી યોગ્ય સિદ્ધ થઈ નથી.

દૂર જવાની જરૂર નથી. આપણા જ દેશનાં તે રાજ્યો અને વિસ્તારો કે જ્યાં મહિલાઓ પર અપેક્ષા કરતાં ઓછા પ્રતિબંધ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

છે ત્યાં મહિલાઓની યોગ્યતાનો લાભ સમગ્ર કુટુંબને જ નહિ, સમાજની સંપત્તિ, સમૃદ્ધિ અને વિકાસના રૂપમાં મળે છે. આ વાત કહેવાનો અર્થ એ છે કે અહંકાર કે સ્વાર્થપરાયણતાના કારણે નારીના વિકાસમાં અડચણો ઊભી કરવી અયોગ્ય છે. આ વાત સમગ્ર સમાજે ધ્યાનમાં લેવી પડશે કે નારીનો સાથ લીધા સિવાય નર લેશમાત્ર પણ આગળ વધી શકતો નથી અને સમાજ પણ પ્રગતિ કરી શકશે નહીં.

## ૩. પુરુષો પોતાનું કર્તવ્ય નિભાવે

એ હકીકત સારી રીતે સમજી લેવી જોઈએ કે હજાર વર્ષના અજ્ઞાનના અંધકાર યુગની ફેલાયેલી વિકૃતિઓ અને અનિચ્છનીયતાઓને સાફ કરવા માટે એવી મજબૂત સાવરણી જોઈએ જે કચરાના ઢગલાને હટાવવામાં અને ઉખાડીને ફેંકી દેવામાં સમર્થ બની શકે. આ સાવરણી એક કે બે સળીથી બનશે નહીં, તેમાં સેંકડો સળીઓ જોડાયેલી હોવી જોઈએ. આટલું મહત્ત્વપૂર્ણ પરંતુ મુશ્કેલ કાર્ય સંઘ શકિતનો ઉદયં કર્યા સિવાય શકય બની શકતું નથી. નાના-નાના વ્યકિતગત પ્રયત્નોની થોડીક બૂંદો આ ધીખતા ગરમ તાવડાને ઠંડો કરવામાં કંઈ અસરકારક સાબિત થશે નહિ. આ દાવાનળને શાંત કરવા માટે વાદળોની સતત વર્ષા જ સફળદાયક નીવડશે. નારીને કચડાયેલી સ્થિતિમાંથી બચાવીને સામાન્ય સ્વાભાવિક ઉચ્ચ સ્થાન પર પહોંચાડવામાં યુગાન્તરીય પ્રયત્નો સંઘ શકિતના સહારે જ સફળ થઈ શકશે.

રાષ્ટ્રના સ્વતંત્રતા આંદોલનમાં લાખો માણસોએ બલિદાન આપ્યાં છે, પરંતુ જેઓ અગ્રણી રહ્યાં તેઓને યશ અને શ્રેય મળ્યું છે. એ પણ યોગ્ય હતું કે વાતાવરણ સર્જવામાં, આગળ રહેવામાં અને શુભારંભ કરાવવામાં અસાધારણ આત્મબળ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જોઈએ. મજાક, અસહયોગ અને વિરોધ સહન કરતા રહીને જેઓ આગળ વધ્યા તે મનસ્વી લોકોની પ્રશંસા કરવામાં આવે. ચાલુ ગાડીમાં તો સૌ કોઈ બેસી જાય છે. વહેતી નદીમાં તો તણખલાં પણ તણાઈ જાય છે.

શરૂઆત તો જાગૃત આત્માઓએ પોતે આગળ આવીને કરવાની છે. નવયુગના પ્રત્યેક વિવેકવાન અને ન્યાયનિષ્ઠ માણસ પાસે એવી અપેક્ષા રાખવામાં આવે છે કે તે પોતાના સાહસનો પરિચય પોતાના સ્વયંના કુટુંબનું વાતાવરણ બનાવીને આપે. ઘરના કુટુંબમાં નારીને યોગ્ય સન્માન અને સહકાર મળવો જોઈએ. તેઓને પોતાના પછાતપણાથી છુટકારો મળે અને આગળ વધવાની તક મળે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. સાથોસાથ નારીઓને સંઘશક્તિની સાથે જોડી દઈને નવી ચેતના ગ્રહણ કરવાની અને નવી પ્રેરણા રજૂ કરી શકવાની સ્થિતિમાં પહોંચાડવી જોઈએ. પરંતુ એના માટે સભ્ય બનીને તેઓ નારી જાગૃતિ અભિયાનમાં જોડાઈ જાય અને ઘણું બધું કાર્ય કરીને ઘણું જ અર્પણ કરવાનો બમણો લાભ પ્રાપ્ત કરે. નારીઓને તે અભિયાનમાં જોડીને સાપ્તાહિક સત્સંગમાં જોડાવાની સુવિધા પૂરી પાડવી જોઈએ. વસ્તુસ્થિતિનો પરિચય ન હોવાને કારણે તેમજ સંકોચવશ આત્મહીનતામાં સપડાયેલી હોવાને કારણે જો નારીમાં એ માટેનો જરૂરી ઉત્સાહ અને સાહસ ન હોય તો તે પૂરું પાડવું પ્રત્યેક વિવેકવાન પુરુષનું કામ છે.

આ માટે પુરુષ વર્ગે પોતાના દૃષ્ટિકોણમાં મૌલિક પરિવર્તન કરવું જોઈશે. પરિવર્તન થયું કે નહીં એના કોઈ મહત્ત્વપૂર્ણ ચિહ્નો જણાવવાં જોઈએ. દૃષ્ટિકોણ બદલાયો છે એનું કોઈ પ્રમાણ હોવું જોઈએ. આપણા ઘરની પહેલાંની રીતભાતમાં પ્રારંભિક પરિવર્તન એ થવું જોઈએ કે પુરુષ વર્ગ પોતાના ઘરની સ્ત્રીઓને લાજ કાઢવાની નિરર્થક પ્રથા સમજાવે. પુરુષ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વર્ગ સ્ત્રીઓને લાજ કાઢવાની પ્રથા ધીમેધીમે ઘટાડતા જવાનું અને જેમ જેમ વડીલો-વૃદ્ધોને તે સહ્ય જણાય તેમ તેમ તેને બંધ કરવાનું પ્રોત્સાહન આપે. પડદાપ્રથાના પ્રતિબંધમાંથી મુક્ત થયા સિવાય નારી સંગઠનની દિશામાં નોંધપાત્ર પ્રગતિ કરી શકતી નથી.

પ્રત્યેક વિચારશીલ માણસ પોતપોતાના ઘરમાં મહિલાઓને પ્રોત્સાહિત કરે તે જરૂરી તો છે, પરંતુ એટલું જ કામ કરવું પૂરતું નથી. કામ મોટું છે એટલા માટે મોટા પાયા પર જ કરવું પડશે. એના માટે સંગઠિત રૂપથી પ્રયાસ કરવો જોઈએ. મોટાં કાર્યો હંમેશાં સંગઠિત રૂપથી જ થતાં રહે છે. ભગવાન રામે લંકાવિજય માટે રીંછવાનરોની સેના સંગઠિત કરી હતી. ભગવાન કૃષ્ણએ ગોવર્ધન ઉપાડવા માટે ગોવાળિયાઓને લાકડીનો ટેકો આપવા માટે સંમત કર્યા હતા. મહાભારતનું યુદ્ધ લડવા માટે કૃષ્ણએ દૂરના દેશોના શકિતશાળી લોકોની સેનાઓ પાંડવોના પક્ષમાં સામેલ કરી હતી. સમર્થ ગુરુ રામદાસે શિવાજીના માટે સહાય ઊભી કરવા માટે સેંકડો મહાવીર (હનુમાન)ના મંદિરો બનાવ્યાં. ગુરુ ગોવિંદસિંહે એક મોટી સેનાનું સંગઠન કર્યું હતું. લોકોના માનસને શુદ્ધ કરવા માટે ભગવાન બુદ્ધે લાખો ભિક્ષુક-ભિક્ષુણિઓને એકત્રિત કર્યા અને તાલીમ આપી હતી. મહાત્મા ગાંધી સત્યાગ્રહ સંગ્રામ લોકશકિતનો સાથ લઈને જ જીત્યા હતા.

સમાજની અડધી વસતી નારીના ઉત્થાન માટેનું કાર્ય સંગઠિત શક્તિથી જ થઈ શકે છે. ઊંડા ખાડામાંથી ભારે વસ્તુને બહાર કાઢવા સમાન આ કાર્ય છે. જેથી આ કાર્ય વિશાળકાય ક્રેનથી થઈ શકવું શકય છે. લોકશક્તિનો સામૂહિક ઉપયોગ સંગઠિત કરવાથી જ આ ક્રેન બનશે.

સંઘશકિતનો ઉદ્ભવ કર્યા સિવાય બીજો કોઈ માર્ગ નથી.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આ સંઘશક્તિનું સર્જન કરી શકવું સંપૂર્ણપણે પુરુષોના હાથમાં જ છે. નારીઓ ઘરમાં પૂરાયેલી છે, તેમને એટલી સગવડ નથી કે ઘરેઘર જઈને સંગઠનનો નાદ જગાવી શકે. તેથી તેમનામાં તેટલી યોગ્યતા અને કુશળતા ક્યાંક છુપાયેલી રહી ગઈ છે. અનુભવની ગેરહાજરીમાં જ્યારે સામાન્ય કાર્ય પણ યોગ્ય રીતે પૂરું થઈ શકતું નથી, ત્યારે નારી સંગઠનનું કાર્ય તો ઘણું જ મુશ્કેલ કાર્ય છે. નારીને ઘરના કામમાંથી જ ફુરસદ નથી ત્યારે સંગઠન માટે કેવી રીતે સમય કાઢશે ? જ્યાં સંરક્ષણ સિવાય ઘરનો ઉંમરો ઓળંગવો ગુનો સમજવામાં આવે છે, ત્યાં ઘરેઘર જઈને સંગઠનનું કાર્ય કેવી રીતે થઈ શકશે. વધુમાં જે ઘરોમાં જશે ત્યાં શંકાની દૃષ્ટિથી જોવામાં આવશે. કોઈ અમારા ઘરની સ્ત્રીઓને ભડકાવવા તો નથી આવ્યું ને, એમ વિચારીને સંગઠનકર્તાઓની ઉપેક્ષા અને અવગણના જ થશે. વધુમાં નારી પોતે પણ દબાયેલી અને ભયભીત છે, તે ઘરના લોકોની નાખુશીનું એક બીજું કારણ ઊભું કરવાનું સાહસ કેવી રીતે કરી શકશે ? કેટલાય દિવસોથી ધાકધમકીમાં રહેવું પડતું હોય છે તો પછી હવે એક નવું કારણ તેમાં શા માટે ઉમેરવામાં આવે ? આવાં અનેક કારણો છે કે જેના કારણે નારીઓ સંગઠન માટે ઘરેઘર જઈ શકતી નથી અને જે ઘરોમાં તેઓ જશે ત્યાં તેમનું સ્વાગત થવાની કે સહયોગ મળી શકવાની શકયતા નથી. જો નારીના માથે સંગઠનનું અને નવજાગરણ અભિયાન માટેનાં ઈચ્છિત કાર્યોની શરૂઆત કરવાનું કામ સોંપી દેવામાં આવે તો સમજવું જોઈએ કે તે શકયતાઓ જ સમાપ્ત થઈ ગઈ.

નવયુગની સર્વોપરિ માગ પૂરી કરવા માટે પ્રત્યેક પુરુષે પોતાનાં ઘરોની નારીઓને મહિલા-જાગરણ અભિયાનની સંઘશકિતમાં જોડવા માટે આગળ વધારવી જોઈએ. તેઓને તેમની ઉપયોગિતા, જરૂરિયાત અને પ્રતિક્રિયાથી પરિચિત કરાવવી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જોઈએ. તેમનામાં સંગઠનનો ઉત્સાહ પેદા કરતાં પહેલાં નવયુગના જાગરણનો સંદેશ મુશ્કેલીથી સમજાવી શકાશે. જે વાતની તેઓની કદી કલ્પના સુદ્ધાં નથી, જે બાબતમાં કદી સાંભળવા કે સમજવાની તક મળી નથી, તેના માટે નારીને એકાએક તત્પર બનાવી લેવી ઘણું મુશ્કેલ છે. આ જ પહેલી મુશ્કેલી છે જેને ઉકેલ્યા પછી સંગઠન માટેનું બીજું પગલું ભરવું.

પુરુષો પડદા પાછળ રહીને પોતાનાં ઘરોની સ્ત્રીઓને નવજાગરણની ભૂમિકા નિભાવવા માટે પ્રોત્સાહન આપે, તાલીમ આપે અને ખેંચીને પકડી લઈ જઈને મોરચા પર ઊભી કરી દે. તેમના માટે જરૂરી પરિસ્થિતિઓ પેદા કરે અને સગવડો પૂરી પાડે, ત્યાર પછી જ એ આશા કરી શકાશે કે ઇચ્છિત સંઘશકિતનો ઉદ્ભવ થઈ શકશે. સંઘશક્તિની સહાયથી જ વિશાળ ક્ષેત્રમાં ફેલાયેલ ગાઢ અંધકાર સમાન અનિચ્છનીયતાને થોડા સમયમાં હટાવી શકાશે. વ્યકિતગત, એકલા હાથે અને છૂટાછવાયા પ્રયત્નો થતાં રહેશે તો તેમનું પરિણામ નહિવત્ જણાશે. મોટાં કાર્યો માટે જનશકિતનો મોરચો ઊભો કર્યા સિવાય કોઈ ઉપાય હોઈ શકે નહીં. આથી આ દિશામાં અસરકારક પગલાં ભરવામાં સહેજ પણ વિલંબ કરવો જોઈએ નહીં.

## ૪. પતિવ્રતની સાથોસાથ પત્નીવ્રત પણ નિભાવીએ

નારીએ શું કરવું જોઈએ, કેવી રીતે કરવું જોઈએ, કોની સાથે કેવો વ્યવહાર કરવો જોઈએ અને કેવી રીતે વિચારવું જોઈએ આ સંદર્ભમાં ધર્મશાસ્ત્રીઓ અને સમાજસેવકો દ્વારા સતત એકએકથી ચઢિયાતા ઉપદેશો આપવામાં આવી રહ્યા છે. પતિવ્રત ધર્મનું અખૂટ મહત્ત્વ બતાવાયું છે. સાથીને ઉચ્ચ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પ્રકારનો સહયોગ આપવાની પ્રવૃત્તિને જગાડવી શ્રેયસ્કર ગણાય છે. શું યોગ્ય પરિસ્થિતિઓ ઉત્પન્ન કર્યા સિવાય, જરૂરી સામર્થ્ય ઉત્પન્ન કર્યા સિવાય આટલો મહાન ભાર વહન કરવો મનુષ્ય જેવા દુર્બળ પ્રાણી માટે શકય બની શકે છે કે નહીં, એ વાત વિચારવાયોગ્ય નથી ? તાલી બે હાથ વડે પડે છે, આદર્શોનો નિભાવ બંનેની તરફથી થતો હોય છે.

પતિ અને પત્નીએ મિત્રતાના સમગ્ર આદર્શોનું પાલન કરવું જોઈએ. જે પક્ષની ભૂલ થતી હોય તેણે તેને તાત્કાલિક સુધારવી જોઈએ. આજની સ્થિતિમાં પત્ની ભોજન બનાવવાની, ચોકીદારી કરવાની અને કામવાસનાની તૃપ્તિ કરવાનું સાધન બની રહેવાની ત્રણ પ્રકારની જવાબદારીઓ મરતાં-જીવતાં પણ વધુને વધુ પ્રમાણમાં પૂરી કરી રહી છે. તેની વફાદારીમાં ઊણપ પડવાના પ્રસંગો કદીક અપવાદરૂપમાં જ જોવા કે સાંભળવા મળે છે. સાથી પ્રત્યેની કર્તવ્યનિષ્ઠાની ન્યાયોચિત તપાસમાં ૯૯ ટકા પુરુષો જ દોષિત જોવા મળશે.

પત્નીવ્રતનો સૌથી પહેલો અને સૌથી માર્મિક પોકાર એ છે કે પત્નીના માનવોચિત અધિકારો તેને પાછા વાળી દેવામાં આવે તેને સાચો મિત્ર સમજવામાં આવે. શારીરિક અને માનસિક દૃષ્ટિથી આપણી સમાન સ્થિતિ સુધી ઊંચી લઈ જવાના પ્રબળ પ્રયત્નો કરવામાં આવે.

નારીનું ખોવાયેલું સ્વાસ્થ્ય પુનઃ પ્રાપ્ત થઈ શકે એ માટેના બધા ઉપાયો વિશે વિચાર કરવો જોઈએ. એના માટે તેઓને પડદાપ્રથાનાં જેલખાનામાંથી છુટકારો આપવો સૌથી વધુ જરૂરી છે. શીલ સદાચાર માટે આંખોમાં લજ્જા હોવી પર્યાપ્ત છે. પડદાપ્રથાની કોઈ પણ દૃષ્ટિએ કોઈ ઉપયોગિતા નથી. એનાથી તો ઘરની વાતચીત અને વ્યવહારમાં પૂછવા બતાવવાની સામાન્ય પ્રક્રિયામાં ઘણી તકલીફ પડે છે. આ પડદાપ્રથાથી નુકસાન ને



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

નુકસાન છે, અયોગ્ય જ અયોગ્ય છે, તો પછી તેને શા માટે પકડી-જકડી રાખીએ ?

નારીના બગડેલા સ્વાસ્થ્યની પ્રત્યે દરેક ઈમાનદાર પતિએ તાત્કાલિક ધ્યાન આપવું જોઈએ. તેના આહારવિહારમાં, વિશ્રામ અને દિનચર્યા એવા ફેરફારો કરવા જોઈએ કે જેથી તેને અનિચ્છનીય દબાણોમાં પીસાવાથી રાહત મળી શકે. કામક્રીડા માદક હોઈ શકે છે, પરંતુ તેનું અમર્યાદિત હોવું સાથીદારને બરબાદ કરી દેવા બરાબર છે અને વિશેષ કરીને તો જ્યારે તે દુર્બળતા અને બીમારીમાં બળતી હોય ત્યારે સંપૂર્ણ રીતે હાનિકારક છે.

નારીને ઘણા સમયથી પતિવ્રત ધર્મનું શિક્ષણ અપાઈ રહ્યું છે. તેણે યથાયોગ્ય રીતે ઈમાનદારીથી તેનું પાલન પણ કર્યું છે. હવે સમય આવી ગયો છે કે પુરુષ પણ પત્નીવ્રત ધર્મનું પાલન કરે અને તે પુણ્ય પરંપરાને સફળ, સાર્થક અને ઊભયપક્ષીય બનાવવામાં યોગ્ય યોગદાન આપે. પત્નીને જો સ્વજન અને મિત્ર માનવામાં આવેલ છે તો તેની સાથે મૂર્ખાઓ અને દુષ્ટો જેવો ક્રૂર વ્યવહાર કરવો જોઈએ નહીં. આજના પ્રત્યેક ઈમાનદાર પતિએ પત્નીવ્રતના શરૂઆતના કર્તવ્યના રૂપમાં નારીને દબાણોના કુચક્રમાંથી પીસાતી બચાવવી જોઈએ અને તેને રાહતનો શ્વાસ લેવાનો સુયોગ પૂરો પાડવો જોઈએ.

આપણે એનો શુભારંભ આપણા ઘેરથી જ કરીએ. આપણો દૃષ્ટિકોણ અને વ્યવહાર બદલીએ. નારીને નર જેટલા જ સ્તરનો એક પૂર્ણ મનુષ્ય માનીએ. વ્યવહાર, અધિકાર તથા સન્માનની દૃષ્ટિએ પુરુષની આજ સુધી જે ભૂલો થતી રહી હોય તેને સુધારી તો લેવામાં આવે અને સાથે તેથી પડેલી ખોટ પણ ભરપાઈ કરવામાં આવે. આજે આ પ્રકારના પરિવર્તનની ખૂબ જ જરૂરિયાત છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# ૫. પતિ હોવાનો અહંકાર છોડીએ

પ્રકૃતિએ સ્ત્રી અને પુરુષની શરીરની રચનાને છોડીને તેમનામાં કોઈ તફાવત રાખ્યો નથી. શરીર રચનામાં તફાવત એટલા માટે છે કે બંનેના સહયોગથી સૃષ્ટિનો ક્રમ ચાલતો રહે. રચના સંબંધી આ તફાવતને છોડી દઈએ તો બંનેના જીવન, શ્વાસ, હૃદય, મગજ, બુદ્ધિ, આંખો, સ્નાયુઓ, મજ્જાતંતુઓ, લોહી અને હાડકાં એકસરખાં તત્ત્વોથી બનેલાં છે. પ્રકૃતિના હેતુ માટે અને આત્મીય આદાન-પ્રદાનને માટે બંનેનું સાથે રહેવું જરૂરી છે અને એ જરૂરિયાત પતિ-પત્નીના સંબંધોના રૂપમાં પૂર્ણ થાય છે, જે ક્રમશઃ મન, મગજ, હૃદય, અંતઃકરણ તથા પ્રાણોની એકતાની સાથે ઘનિષ્ઠ બને છે. એ કહેવું જરૂરી નથી કે પ્રેમ અને આત્મીયતાનો પાઠ શીખવાનું મનુષ્ય કુટુંબમાંથી શરૂ કરે છે અને કુટુંબ તેના માટે એટલું જરૂરી છે કે તેના સિવાય કોઈ માણસનું જીવવું પણ દુષ્કર બની જાય છે.

કુટુંબ વસાવવાની અને પતિ પત્નીની પસંદગીની સગવડ પ્રકૃતિએ માનવજાતિને જ આપી છે. એને એક સામાજિક સમજૂતી પણ કહી શકાય છે અને આત્મિક વિકાસનો એક કાર્યક્રમ પણ છે. કુટુંબ અને સમાજમાં એકબીજાની જવાબદારીને પૂરી કરવા માટે અને તેને ટકાવી રાખવા માટે પતિ-પત્નીની આ પરંપરા ચાલુ થઈ છે. એક સભ્ય બહારનું ક્ષેત્ર સંભાળે છે બીજો સભ્ય ઘરની આંતરિક વ્યવસ્થા સંભાળે છે. આટલે સુધીની વાત તો સમજાઈ જાય છે અને યોગ્ય પણ છે. સગવડની દૃષ્ટિએ બંને એકબીજાનું ક્ષેત્ર સંભાળે પરંતુ એમાં કોઈ વાત યોગ્ય છે કે કોઈ આધારને લઈને કુટુંબનો કોઈ પક્ષ પોતાને મોટો સમજવા લાગે તથા બીજાનું શોષણ કરે ? કોઈ વિશિષ્ટ પરિસ્થિતિમાં કોઈ પોતાના સાથીદારની જવાબદારીને



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પોતે નિભાવવામાં આનાકાની કરે, સંકોચ કરે અને હલકી સમજે તો એ વિકૃતિ નહીં તો બીજું શું છે ?

સ્ત્રીની જવાબદારી ઘરના કામની છે, રસોઈ બનાવવી, સફાઈ કરવી, બાળકોની દેખરેખ રાખવી જેવાં કાર્યો ગૃહસ્થીના કાર્યક્ષેત્રમાં આવે છે. પુરુષે બહાર રહીને કમાણી કરવાનું, નોકરી-ધંધો કરવાનું અને ખેતીવાડી સંભાળવાનું કામ કરવાનું હોય છે. પુરુષો જરૂરિયાત પડતાં ઘરની અંદરનાં કામોની દેખરેખ રાખવામાં પોતાનું હલકાપણું સમજે છે. પરંતુ સ્ત્રીઓ તો સમય આવ્યે પુરુષના ક્ષેત્રમાં પણ કામ કરી લેતી હોય છે, નિર્વાહનાં સાધનો પણ ભેગાં કરી લેતી હોય છે, જ્યારે પતિ બીમારીની સ્થિતિમાં પણ પત્ની પાસે રસોઈ બનાવીને ખવડાવવાની અને બાળકોને સંભાળવાની અપેક્ષા રાખે છે.

જે આધાર પર સહચરત્વ ધર્મનું પાલન કરવા માટે દાંપત્ય જીવન શરૂ કરવામાં આવ્યું હતું, તે રીતિ-નીતિ તે આધાર પર જ કઠોર આઘાત કરે છે. લગ્નના સમયે વર-વહુ બંને પ્રતિજ્ઞા કરે છે કે અમે એકબીજાની પ્રત્યે કર્તવ્યપરાયણ રહીશું, એકબીજાને સાથ આપીશું અને પ્રગતિના માર્ગ પર સાથોસાથ આગળ વધીશું. પરંતુ આગળ જતાં જ્યારે પુરુષ પત્નીનું કામ સંભાળવામાં નાનમ અનુભવે છે ત્યારે આ પ્રતિજ્ઞા તે સમયે અધૂરી અને લડખડાતી રહી જાય છે.

સગવડની દૃષ્ટિએ કાર્યક્ષેત્રના વિભાજનને પોતાની જવાબદારી અને કર્તવ્યોની અંતિમ સીમારેખા માની લેવી કોઈ પણ દૃષ્ટિથી ઇચ્છનીય કહી જઈ શકાતું નથી. સચ્ચાઈ તો એ છે કે પતિ અને પત્ની બંને મળીને એક સંપૂર્ણ વ્યક્તિત્વનું નિર્માણ કરે છે. બંને એકબીજા વિના અધૂરાં છે અને બંને એકબીજાના સહયોગથી જ આગળ વધી શકે છે. સગવડની દૃષ્ટિએ કામકાજનું વિભાજન કરી લેવું જુદી વાત છે, પરંતુ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અમુક કાર્ય કેવળ પતિ જ કરે અને અમુક કાર્ય માટે પત્ની પર જ નિર્ભર રહેવામાં આવે, એવી કોઈ કઠોર મર્યાદા બનાવી શકાતી નથી. પરંતુ જરૂરિયાત પડતાં એકબીજાને સહયોગી અને પૂરક બનવાનો સિદ્ધાંત પાળે અને વફાદાર તથા કર્તવ્યનિષ્ઠ સાથીદારની માફક ભલે તે કાર્ય ઘરનું કે બહારનું હોય તેમાં એકબીજાને મદદ કરે, તો એમાં જ તેમની યોગ્યતાની પરખ છે.

સ્ત્રીઓ આમેય પોતાના કર્તવ્યથી પાછી પડતી જોવા મળતી નથી. પોતાને ઘરનો સ્વામી સમજવાના અહંકારથી પુરુષ જ બીજા કામમાં મદદ કરવામાં નાનમ સમજે છે. પત્નીએ કુટુંબના બધા સભ્યો માટે રસોઈ બનાવવી પડે છે. પરંતુ કદીક તે બીમાર પડી જાય છે ત્યારે પતિ જાતે રસોઈ બનાવવાના બદલે બીમારીની સ્થિતિમાં જ પત્ની પાસે રસોઈ કરાવવાની આશા રાખે છે કે તે હોટલમાં ખાવાનું વિચારશે અથવા ઘરમાં બાળકો હોય તો તેમના હાથથી ભોજન બનાવવાનો વિચાર કરશે.

પત્નીની હાજરીમાં પતિ મહાશયને પોતાના હાથથી રસોઈ બનાવવામાં સંકોચ જણાય છે. તેને ચૂલો ફૂંકવામાં શરમ આવે છે. કોઈ કારણવસાત્ સહજ ભાવથી પત્ની પતિને ભોજન બનાવવાનું કહી પણ દે તો પતિ મહારાજ એ રીતે છંછેડાઈ જશે, જેમ કે તેને કોઈ ઘણું જ ગંદુ અને નીચ કામ કરવા માટે કહ્યું હોય. આવી મનોભૂમિનું કારણ કેવળ પતિ હોવાનો અહંકાર જ છે, એ સિવાય કંઈ નથી. નહિ તો પત્નીને પોતાનો સાથી અને સહચર માનનારા આવા અવસરો પર કદીયે સંકોચ કરતા નથી. પ્રાચીનકાળમાં તો એ વ્યવસ્થા પણ હતી કે છોકરીઓની માફક જ છોકરાઓ પણ રસોઈકળા અને ગૃહકળા શીખતા હતા. ગુરૂકુળના આચાર્ય પોતાની પત્નીની સાથે જ ગુરૂકુળનાં બધાં બાળકોની દેખરેખ રાખતા અને રસોઈ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

બનાવવાથી માંડીને આશ્રમની સફાઈ કરવા સુધીના કોઈ પણ કામમાં સંકોચ રાખતા ન હતા. નળ રાજા રસોઈકળામાં નિપુણ હતા અને તેમની આ વિશેષતાને કારણે દમયંતીએ તેમને ઋતુપર્વાને ત્યાં છુપાવેશમાં પણ ઓળખી લીધા હતા. જો કે તેઓ સારથી તરીકેનું કામ કરતા હતા. ગદાધારી, મહાબળશાળી ભીમ અજ્ઞાતવાસના સમયમાં પણ રાજા વિરાટને ત્યાં રસોઈના કામ માટે નિમાયા હતા. તો પછી સાધારણ ભણેલા-ગણેલા કે સુશિક્ષિત અને સુસંસ્કૃત લોકો કેમ સંકોચ કરે છે ? સ્પષ્ટ છે કે એનું કારણ પતિ હોવાનો અહંકાર છે.

આ અહંકારને કારણે પુરુષ ઘરની આંતરિક વ્યવસ્થામાં ભાગ્યે જ કોઈ રસ લે છે. રસોઈ બનાવવાની વાત તો દૂર રહી, બાળકોની સંભાળની અને બીમારની સેવાચાકરી કરવાની કામગીરી માટે પત્નીની જ નિમણૂક કરવામાં આવે છે. પરંતુ જરૂરિયાત જણાતાં પતિ ભીના કપડાં નિચોવવામાં કે તેના કપડાં ઉપાડીને બાજુ પર મૂકવામાં પણ સંકોચ અનુભવે છે. સેવાનું શું આવું જ મૂલ્ય ચૂકવવું જોઈએ ? પત્નીને ગૃહલક્ષ્મી, અર્ધાંગિની અને સહધર્મચારિણી જાહેર કરવામાં શરમ નથી આવતી, પરંતુ તેનું નાનુંસરખું કામ કરવામાં સંકોચ કે ખચકાટ થાય છે.

કેટલીક વખત તો સ્ત્રીઓ દિવસ-રાત કામ કરતી જોવા મળે છે. તેમને સહેજ પણ ફુરસદ મળતી નથી. બીજી બાજુ પુરુષ વ્યર્થ આળસમાં પડી રહેવામાં, મોજમજા કરવામાં અને પત્તાં-શેતરંજ રમવામાં જ દિવસ વિતાવી દે છે. પરંતુ સમય હોય તો પુરુષે પત્નીને સહયોગ કરવાની જરૂરિયાત છે, કે જેથી તેનું કાર્ય જલદીથી પૂરું થાય અને સ્ત્રીને થાક તેમજ તાણથી શક્ય તેટલી બચાવી શકાય. પરંતુ પુરુષો પત્નીના કામકાજમાં સહયોગ કરતા નથી અને તેની પ્રત્યે સહાનુભૂતિ પણ રાખતા નથી, ઊલટામાં પોતાના કામકાજ અને કાર્યક્રમો દ્વારા તેને



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પરેશાનીમાં મૂકતા રહે છે.

પતિના આ અહંકારે ભારતમાં પત્નીને એટલી હલકી બનાવી દીધી છે કે પ્રતિવ્રતના નામ પર તે બિચારી પતિની મફતની ગુલામડી અને બાંધેલી મજદૂર બનીને જ રહી જાય છે. આ સ્થિતિને બદલવી જોઈએ અને પુરુષે પોતાનો પતિ હોવાનો અહંકાર છોડીને પત્નીની સાથે સાચા સાથીદાર અને મિત્રનો વ્યવહાર આચરવો જોઈએ.

## ૬. પુરુષ પ્રાયશ્ચિત કરવા આગળ આવે

ભણેલી-ગણેલી કન્યાઓ સારી ગૃહિણી સાબિત થાય છે અને તેઓ પોતાની યોગ્યતાથી કુટુંબને સુઘડ તથા સુસંસ્કૃત બનાવવામાં સફળ નીવડે છે. ભણેલા-ગણેલા અને કુલીન યુવકો સારી ભણેલી અને સભ્ય પત્ની ઇચ્છે છે. પરંતુ જ્યારે ભણેલી-ગણેલી છોકરીના માટે તેનાથી વધુ ભણેલો-ગણેલો યુવક શોધવામાં આવે છે અને યુવક અથવા તેના વડીલો ઉચ્ચ શિક્ષણનો સમગ્ર ખર્ચ દહેજના રૂપમાં મેળવવાનું દબાણ કરે છે ત્યારે વાત ગૂંચવાડાભરી બની જાય છે. આવા દબાણની આશંકાથી જ વડીલો પોતાની છોકરીઓને વધુ ભણાવતાં-ગણાવતાં નથી અને ભણાવી-ગણાવી પણ દે છે તો તેને યોગ્ય વરનું મૂલ્ય ચૂકવી શકતાં નથી. આનું પરિણામ એ આવે છે કે સ્ત્રીઓ શૈક્ષણિક દૃષ્ટિથી પછાત રહી જાય છે. સ્ત્રીઓ માત્ર શિક્ષણની દૃષ્ટિથી પછાત રહેતી હોય એવી વાત પણ નથી હોતી. સ્ત્રીઓ સામાજિક અને કૌટુંબિક જીવનમાં પણ ઘણી જ પછાત રહેલી છે.

આ એક હકીકત છે કે નારી જ્યાં સુધી કુટુંબ અને સમાજમાં પુરુષના જેટલી યોગ્યતા અને ક્ષમતાથી પૂર્ણ બનતી નથી ત્યાં સુધી ન તો કુટુંબોનું સાંસ્કૃતિક સ્તર સુધરી શકતું



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અને ન તો સમાજનો ઉત્કર્ષ જ થઈ શકે છે. આ વાત કેટલાય પ્રસંગો પર બતાવાય અને દોહરાવાય છે, પરંતુ નારીની યોગ્યતા વિકસિત કરવાની જરૂરિયાત જે ગંભીરતાથી સમજાવવી જોઈએ તેટલી ગંભીરતાથી સમજાતી નથી. ખરેખર નારી ઉત્કર્ષની વકીલાત કરનારા લોકો એમ કહીને જવાબદારીથી મુક્તિ માની લે છે નારીઓ પોતાનો ઉત્કર્ષ સ્વયં કરે.

સૈદ્ધાંતિક રૂપથી એ વાત સ્પષ્ટ છે કે માણસે પોતાની પ્રગતિ કરવા માટે સ્વયં સજાગ બનવું જોઈએ. પરંતુ જ્યારે આપણે નારીઉત્કર્ષના સંદર્ભમાં આ પ્રશ્ન પર વિચાર કરીએ છીએ તો કંઈ અન્ય પણ વાતો વિચારોને અસર કરે છે. નારીની દુર્દશા અને પતિત અવસ્થા જે રીતે સ્વયં તેના માટે પ્રગતિમાં બાધક છે, તે જ વાત પુરુષની પ્રગતિમાં પણ ઓછી બાધક નથી. એ તો બધા જાણે છે કે સ્ત્રી-પુરુષનો સંબંધ એકબીજા પર આધારિત છે. બંનેની પ્રગતિ અને ઉન્નતિ એકબીજાના સહકારથી શક્ય બને છે. આમાંથી એક પણ ઘટક જો અયોગ્ય કે અવિકસિત રહે તો તેની અસર નિશ્ચિત રૂપથી બીજા ઘટક પર પણ પડે છે. કુટુંબમાં તે માટે સુસંસ્કૃત વાતાવરણની પણ જરૂરિયાત છે. આ વાતાવરણ ભણેલી-ગણેલી અને સુશિક્ષિત પત્ની સરળતાથી સર્જી શકે છે. જો પતિ-પત્ની અભણ અને અશિક્ષિત હોય અને તેમનું વાતાવરણ સુસંસ્કૃત રાખવાની જરૂરિયાત જણાતી હોય તો તેની જવાબદારી પુરુષે અદા કરવી જોઈએ.

મહત્ત્વની દૃષ્ટિથી જોવામાં આવે તો સ્ત્રીનું સ્થાન અને જવાબદારી પુરુષની સરખામણીમાં મહત્ત્વપૂર્ણ છે. સગવડો પૂરી પાડવાનું એક નાનુંસરખું કામ પુરુષના ખભા પર છે, નહીંતર નિર્માણ અને વ્યવસ્થાની જવાબદારી સ્ત્રીવર્ગ પર આવે છે. સૃષ્ટિના નિર્માણમાં પણ પુરુષના બદલે સ્ત્રીનું યોગદાન અધિક



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

છે. સંતાનને જન્મ આપવાથી માંડીને તેનું લાલન-પાલન કરવાની અને ગૃહવ્યવસ્થા ચલાવવાની સમગ્ર જવાબદારી નારી પર છે. પુરુષ તો પોતપોતાની રીતે એક ઉચ્છૃંખલ એકમ માત્ર છે. કુંવારા અને વિધુર માણસોના ઘરની હાલત તથા વાતાવરણને જોઈને આ હકીકતનો અનુભવ સારી રીતે કરી શકાય છે. સ્ત્રી વિનાના એકલા પુરુષની કુટુંબવ્યવસ્થા સુઘડતા અને સુંદરતાની દૃષ્ટિએ ફુવડ અને અસ્તવ્યસ્ત જ જોવા મળશે. જ્યારે તેના કુટુંબમાં પત્નીના રૂપમાં ગૃહિણીનો પ્રવેશ થાય છે ત્યારે ઘર સુવ્યવથિત બનવાની શરૂઆત થાય છે.

કુટુંબરૂપી સંસ્થામાં સ્ત્રીનું આટલું મહત્ત્વપૂર્ણ સ્થાન અને ગૌરવયુક્ત ભૂમિકા હોવાં છતાંય પણ તેને દાસી અને નોકરાણીથી વિશેષ સ્થાન ન આપવામાં આવે એ દુઃખદાયક બાબત છે. જોવા જઈએ તો પુરુષ કુટુંબનો મુખ્ય માણસ માત્ર કહેવા પૂરતો જ છે. તેનો મૂળ આધાર, જીવનચેતના, અસ્તિત્વની ધારણકર્તા શક્તિ તો સ્ત્રી જ છે. સંસદીય લોકશાહીમાં જે સ્થાન રાષ્ટ્રપતિ અને વડાપ્રધાનનું હોય છે, તેવું જ સ્થાન કુટુંબ વ્યવસ્થામાં પતિ અને પત્નીનું રહે છે. શાસનવ્યવસ્થાના સૂત્રધાર જે રીતે વડાપ્રધાન છે, મોટાભાગના નિર્ણયો તે જ લે છે, કાર્યક્રમોને તે જ નક્કી કરે છે અને અમલીકરણના ઉપાયો પણ તે જ શોધે, રાષ્ટ્રપતિ તો તેમની સ્વીકૃતિ અને સંમતિ આપે છે. એ જ રીતે ગૃહવ્યવસ્થાની જવાબદારી તથા કુટુંબના સભ્યોની જરૂરિયાતનું ધ્યાન રાખવાની જવાબદારી પત્ની પર છે. પુરુષ તો માત્ર કમાય છે, કયા કામમાં કેટલું ખર્ચ થનાર છે, એ વાતનું આયોજન અને નિર્ણય પત્ની જ કરે છે. કમાવું જેટલું સરળ છે તેટલો જ તેનો સમજદારીપૂર્વક ખર્ચ કરવો મુશ્કેલ છે. આ રીતે વ્યવહારિક સૂઝબૂઝની અપેક્ષા પણ સ્ત્રી પાસે જ વિશેષ રહે છે.

આ જ કારણે આધુનિક યુગમાં જે સમાજોમાં નોંધપાત્ર



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પ્રગતિ થઈ છે, તેમાં નારીને યોગ્ય મહત્ત્વ, સ્થાન અને સન્માન આપવામાં આવ્યું છે અને તેમની શારીરિક, માનસિક અને બૌદ્ધિક ઉન્નતિની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી છે. તેમની પ્રગતિનું એ જ રહસ્ય છે કે તેમના ઘરમાં યોગ્ય, વિકસિત અને સૂઝબૂઝવાળી ગૃહિણી હોય છે અને તેથી પુરુષ કૌટુંબિક ચિંતાઓથી એક રીતે મુકત રહીને પોતાની બુદ્ધિ તથા ક્ષમતાનો સંપૂર્ણ ઉપયોગ ઉત્કર્ષ માટે કરી શક્યા છે અને સ્ત્રીઓ પણ સમાજની ઉન્નતિમાં પોતાનો સહયોગ આપી શકી છે. આનાથી ઊલટું જે સમાજે જ્યારે પણ નારીનું મહત્ત્વ ઘટાડયું તથા તેને તેની ગૌરવયુક્ત સ્થિતિથી ગબડાવી, તે સમાજ પતનના ખાડામાં ગબડતો ગયો.

એવું કોઈ ઉદાહરણ છે કે જે આપણા દેશ કરતાં ચઢિયાતું હોય અને આપણને અસર કરી શકે. આ સંબંધમાં સ્વામી વિવેકાનંદે એક પ્રસંગ પર કહ્યું હતું, "ભારતીય પ્રગતિમાં બે મોટા સામાજિક અનર્થ રોડાં બની રહ્યાં છે. તેમાંથી એક છે સ્ત્રી જાતિના પગમાં પરાધીનતાની બેડી નાંખી રાખવી." આ રીતના વિચાર વ્યક્ત કરવાથી સ્વામીજીના એક શિષ્યએ તેમને કહ્યું હતું, "સ્ત્રી જાતિ સાક્ષાત્ માયાની મૂર્તિ છે. મનુષ્યના અધઃપતન માટે સમજો તેની રચના થઈ છે. બૌદ્ધ યુગમાં જ્યારે સ્ત્રીઓ માટે મઠ ખોલાવમાં આવવા લાગ્યા તો તેમાં અનેક પ્રકારથી વ્યભિચાર ફેલાયા. શક્ય છે કે એટલા માટે શાસ્ત્રોએ ઈશારો કર્યો છે અને તેમના માટે જ્ઞાન-મુક્તિનો લાભ લેવો મુશ્કેલ છે. "

સ્વામી વિવેકાનંદે જોરથી વિરોધ કરતાં તે શિષ્યને કહ્યું હતું, "સમજમાં નથી આવતું કે આ દેશની સ્ત્રીને આટલી નિમ્ન દૃષ્ટિથી કેમ જોવામાં આવવા લાગ્યું, જો કે અહીંના દાર્શનિક ગ્રંથોમાં તો એ સિદ્ધાંત બતાવવામાં આવે છે કે એક જ ચેતન



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સત્તા બધાં પ્રાણીઓમાં સમાયેલી છે. તમે લોકો સ્ત્રીઓની નિંદા કરો છો અને આ દેશના નિવાસીઓએ જાતજાતના નીતિ-નિયમો બનાવીને તેને એકદમ બાળકો પેદા કરવાનું મશીન બનાવી દીધી. જગદંબાની સાક્ષાત્ મૂર્તિ આ સ્ત્રીઓને આ રીતે નીચે પાડવાના કારણે જ આ દેશનું આટલું અધઃપતન કરી દીધું. કયા શાસ્ત્રમાં લખ્યું છે કે સ્ત્રીઓ જ્ઞાન અને મુક્તિની અધિકારિણી હોઈ શકે નહીં ? જે અંધકાર યુગમાં બ્રાહ્મણ પંડિતોને બ્રાહ્મણો સિવાયની જાતિઓને વેદપાઠના અનાધિકારી જાહેર કર્યા, તે જ કાળમાં સ્ત્રીઓના પણ અધિકારો ઝૂંટવી લેવામાં આવ્યા. નહિતર વૈદિક યુગમાં, ઉપનિષદ યુગમાં તમે જુઓ મૈત્રયી, ગાર્ગી વગેરે પ્રાતઃસ્મરણીય સ્ત્રીઓ બ્રહ્મ વિચારમાં ઋષિ તુલ્ય થઈ ગઈ હતી. સહત્ર વેદજ્ઞ બ્રાહ્મણોની સભામાં ગાર્ગીએ ગર્વની સાથે યાજ્ઞવલકયના બ્રહ્મજ્ઞાનનો શાસ્ત્રાર્થ કરવા આવાહન કર્યું હતું. તે સમયની વિદુષી સ્ત્રીઓને અધ્યાત્મનો અધિકાર તે સમયે પણ હતો, તો પછી આજની સ્ત્રીઓને તે અધિકાર કેમ ન રહેશે ?"

સ્વામી વિવેકાનંદના આ વિચારોથી સ્પષ્ટ થઈ જાય છે કે આપણા દેશમાં જ્યારે ચારે દિશામાં ઉન્નતિ થઈ ત્યારે નારીઓને કદી ગબડેલી દૃષ્ટિથી જોવામાં ન આવી. માતૃત્વ એટલું ગૌરવશાળી છે કે જેની છત્રછાયામાં અનેક વિભૂતિવાન લોકો પેદા થયા અને દેશ તથા સમાજની નોંધપાત્ર સેવા કરી શકયા. પ્રાચીન સંસ્કૃતિમાં સંતાનનું સારા કે ખરાબ હોવાપણું માની મર્યાદા સાથે સંકળાયેલું હતું. રામકૃષ્ણ, બુદ્ધ, મહાવીર, શિવાજી, પ્રતાપ, અશોક, વિક્રમાદિત્ય, સુભાષ, ગાંધી અને નહેરૂ જેવા મહાન માણસોને જન્મ આપવાનું અને તેમનું નિર્માણ કરવાનું શ્રેય માને ફાળે રહ્યું છે. સામાન્ય લોકોમાં પણ પિતાને બદલે માનું સ્થાન સર્વોપરિ છે. પિતાનું સંરક્ષણ અને પ્રેમનો પ્રભાવ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સંતાન પર એટલો પડતો નથી જેટલો માની મમતા અને લાડપ્રેમનો પડે છે. માની ગોદની છાયા જે પુરુષને મળી નથી, તેણે જીવનમાં આગળ વધીને કોઈ કાર્ય કર્યું હોય, એવી વિભૂતિઓ અપવાદ સ્વરૂપે જ મળે છે. માણસ નાનપણમાં પિતાની છત્રછાયા ગુમાવે છે છતાં તેના વ્યક્તિત્વના ઘડતરમાં એને સમાજ, સભ્યતા તેમજ સંસ્કૃતિના નિર્માણમાં સક્ષમ બને છે. આ વાત કહેવાનો અર્થ એ છે કે પિતાની ખોટ મા પૂરી કરે છે. પરંતુ માની ખોટ પિતા દ્વારા પૂરી થવી શકય નથી

આથી એમ કહેવું અયોગ્ય નહીં ગણાય કે પુરુષ જાતિનું અસ્તિત્વ નારીના કારણે જ સુરક્ષિત છે. એટલું જ નહીં, વિભૂતિવાન વ્યકિતત્વોનું નિર્માણ તથા સમાજની નોંધપાત્ર સેવા કરનારા મહામાનવોનું સર્જન પણ માતાઓ જ કરી શકી છે. પુરુષ તેને દાસી અને નોકરાણી કહીને પોતે જ નહીં, બલ્કે સમગ્ર રાષ્ટ્રને ઘણું જ નુકસાન વેઠવું પડે છે. રાષ્ટ્રની જનેતા, પુરુષની સાથીદાર અને અનુગામીનીને પગના જોડા સમાન સમજીને તેની સાથે પશુઓ કરતાં કનિષ્ઠ રાખવામાં તેનું પોતાનું શું હિત થશે ? જેની સહાય અને સહકાર લઈને આગળ વધી શકાય છે, તે સાથીને કમજોર બનાવીને શું મેળવવાની આશા કરી શકાય છે ? એ તો જ ડાળી પર બેઠા હોઈએ તેને કાપવા જેવી મૂર્ખતા છે.

સ્ત્રીઓને વિકસિત કરવા માટે અને તેમની યોગ્યતાઓ અને ક્ષમતાઓનો ઉપયોગ રાષ્ટ્રના હિતમાં કરવા માટે સૌ પ્રથમની જરૂરિયાત છે. તેમનું પછાતપણું દૂર કરવા માટેના અસરકારક પગલાં ભરવાં. એમાં પહેલું પગલું તેમનું અભણપણું દૂર કરીને તેમને અજ્ઞાનના અંધકારમાંથી બહાર લાવવા વિશે ભરવાનું છે. નારીને ઘરની ચાર દીવાલોમાં કેદ કરી રહેવાથી અસભ્ય, અસંસ્કૃત, અપંગ અને અભોગ્ય બની ગઈ છે. રાષ્ટ્ર



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અને સમાજ માટે તેની ઉપયોગિતા ન થવાથી તેની ચેતના જડ બની ગઈ છે. અજ્ઞાન અને ગુલામીના પ્રતિબંધોએ તેને કાયર અને ડરપોક બનાવી દીધી છે. ઘરમાં રહેતી હોવા છતાંય તે એટલી બધી દબાયેલી જણાય છે જાણે કે તેના પર હમણાં જ કોઈ મુશ્કેલી આવનારી છે અને તેનાથી તે પોતાનું રક્ષણ પણ કરી શકશે નહીં. કોઈ મુશ્કેલી ન હોવા છતાંય તે એટલી ભયભીત જેવી છે, તો જ્યારે વાસ્તવમાં કોઈ મુશ્કેલી આવી જશે તો ન જાણે તેની દશા કેવી થઈ જશે. આવનાર મુશ્કેલીઓની કલ્પના માત્રથી રોવા અને બૂમો પાડવા લાગે છે. તેનામાં તેનો સામનો કરાવનું સાહસ હોતું નથી કે કોઈ ઉપાય શોધવાની બુદ્ધિ નથી.

આ બધાનું કારણ છે - પુરુષ. પુરુષ જ તેનો ગુનેગાર છે કે જેણે નારીની આવી દુર્દશા કરી છે. પુરુષે પોતાના ગુનાનું પ્રાયશ્ચિત કરવા માટે ઉત્સાહપૂર્વક આગળ આવવું જોઈએ. આજના જે સમયમાં આપણે હયાત છીએ તે સમય પ્રાયશ્ચિત માટેનો યોગ્ય સમય છે.

## ૭. મોટાઈ માટે શું એકલા પુરુષનો જ અધિકાર છે

કુટુંબમાં ઘર ગૃહસ્થીની જરૂરિયાતો પૂરી કરવા અને નિર્વાહ માટેની કમાણી કરવાનું કાર્ય પુરુષે સંભાળવું પડે છે. આને કારણે તેનું વ્યકિતત્વ અને કાર્યક્ષેત્ર ઘર અને કુટુંબની સાથોસાથ બહાર પણ વહેંચાઈ જાય છે. શકય છે કે આ એકમાત્ર કારણને લીધે પુરુષને કુટુંબમાં મુખ્ય વ્યકિત અને મુખિયાની પ્રતિષ્ઠા મળી છે. પરંતુ કુટુંબના સંદર્ભમાં એ પણ વિચારણીય છે કે તેનું મુખ્ય અંગ મુખિયા જ નથી, બલ્કે એક ગૃહિણી પણ છે કે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કુટુંબની આંતરિક વ્યવસ્થાને સંભાળે છે અને ઘરના બધા સભ્યોની જરૂરિયાતોની દેખરેખ રાખે છે. તેને પણ યોગ્ય પ્રતિષ્ઠા અને મહત્ત્વ આપવું જોઈએ કે જેથી ગૃહસ્થરૂપી ગાડીના બંને પૈડાં એક ધરી પર સમાંતરરૂપે ટકે અને ચાલતાં રહે. પરંતુ એવું બનતું નથી. પાછળના સૈકાઓમાં ભારતીય કુટુંબોનું માળખું કંઈ એ પ્રકારનું બની ગયું છે કે તેમાં સ્ત્રીને ગૌણ અને પુરુષને મુખ્ય માનવા લાગ્યા.

સ્ત્રી-પુરુષની અસમાન પ્રતિષ્ઠાને કારણે ગૃહસ્થીની ગાડી કોઈ પણ પ્રકારે ભલે ચાલતી રહે, પરંતુ તે ચાલે છે ઓછી અને ઘસડાય છે વધુ. આ મત પ્રસિદ્ધ અંગ્રેજ લેખિકા માર્ગરેટ બ્લેચર જોન્સનનો છે. આવી પરિસ્થિતિમાં સ્ત્રીઓને પોતાની જવાબદારી યોગ્ય રીતે નિભાવવામાં સમર્થ ન હોવાનું કારણ રજૂ કરતાં કહે છે. "પુરુષનો પ્રેમ તેના જીવનનો એક હિસ્સો છે, પરંતુ તે સ્ત્રીનું પૂરું જીવન જ છે."

પુરુષનું કાર્યક્ષેત્ર ઘરની ચાર દીવાલોની બહાર વધુ રહે છે, પરંતુ સ્ત્રીના માટે જીવન અને કુટુંબ એવી રીતે એકાકાર બની જાય છે કે તેના માટે કુટુંબથી અલગ કંઈ રહી જ જતું નથી. કુટુંબના સભ્યોની જરૂરિયાતોથી લઈને તેમની સુખ-સગવડોનું ધ્યાન રાખવાની અને બાળકોને જન્મ આપવાની તેમજ તેમનું પાલન-પોષણ કરવાની સમગ્ર જવાબદારીઓ સ્ત્રી પર જ વધુ રહે છે. ભારતીય મનીષીઓએ આ હકીકતને સારી રીતે ઓળખી છે. એટલા માટે સ્ત્રી શબ્દનો પર્યાય ગૃહિણી છે, પરંતુ પુરુષના માટે તેવો કોઈ શબ્દ નથી. ભારતીય મહિલાઓનું જીવન જ કુટુંબના નિર્માણ અને વિકાસની મહત્ત્વપૂર્ણ જવાબદારી નિભાવવાની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને સજાવવામાં આવતું હતું, જો કે પુરુષને અન્ય ક્ષેત્રો પણ સોંપવામાં આવતાં હતાં. તે સમયની સ્થિતિ માટે તે અનુકૂળ પણ હતું. પરંતુ કુટુંબમાં



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સ્ત્રીઓની જવાબદારીની ગંભીરતા આજે પણ યથાવત્ રહેલી જણાય છે. આજ કારણને લીધે જ્યારે અન્ય દેશોમાં કુટુંબ-વ્યવસ્થા તૂટવાથી લોકોનું સામાજિક જીવન પણ અસ્તવ્યસ્ત થઈ રહ્યું છે, ત્યારે ભારતવર્ષમાં કુટુંબો આજે પણ પોતાના ગૌરવ-ગરિમાને અનુરૂપ સુદૃઢ સ્થિતિમાં છે.

આ સ્થિતિનું શ્રેય સ્ત્રીઓને અર્થાત ગૃહિણીઓને જ આપવું જોઈએ. પુરુષ કુટુંબની એક જ જરૂરિયાત પૂરી કરે છે અને પરંપરાગત રૂપથી સ્ત્રીઓ પર એક જ જવાબદારી નાખેલી છે, પરંતુ પુરુષનો અહમ્ ત્યાં નડે છે. જોકે આજના સમયમાં તો કેટલીયે ભણેલી-ગણેલી મહિલાઓ અને મજૂરી કરનાર સ્ત્રીઓ કુટુંબની આર્થિક જરૂરિયાતો પૂરી કરવામાં સક્રિય સહયોગ આપે છે, પરંતુ પુરુષપ્રધાન સમાજમાં પોતાના અહમ્‌ને મહત્ત્વ આપીને પુરુષે સમગ્ર સન્માન અને સમગ્ર પ્રતિષ્ઠા પોતાના હસ્તક જ રાખી છે અને નારીના હિસ્સામાં દાસી અને નોકરનું સ્થાન આપ્યું છે. આથી સ્ત્રીના મનમાં એવી વાત રૂઢ થઈ ગઈ છે કે પુરુષ વિના તેનું જીવન રત્તીભાર આગળ વધી શકતું નથી અને તેણે પુરુષના ઉપકારવશ કૃતજ્ઞ રહેવું જોઈએ.

મોટાઈ અને પ્રતિષ્ઠા પર પોતાનો અધિકાર જમાવી રાખવાની વાત પરથી એ સ્પષ્ટ થાય છે કે ભારતીય કુટુંબોમાં પુરુષે સ્વયંને અંતિમ સત્તા અને સર્વોત્તમ હોવાનો દાવો સ્થાપિત કરી રાખ્યો છે. બાળપણથી આ ભેદભાવનું કુચક્ર અને છળકપટ ચાલી રહ્યું છે. ઘરમાં એક પુત્રનો જન્મ થાય છે ત્યારે આનંદ મનાવવા મીઠાઈ વહેંચવામાં આવે છે, કેમ કે તેનાથી વંશ ચાલુ રહેશે અને કુળની આબરૂ વધારનારો દીપક પ્રગટી ગયો છે. પરંતુ ઘરમાં કન્યાનો જન્મ થાય છે તો કેટલાય લોકો રડવા લાગે છે કારણ કે તેના માટે મરતાં સુધી ચિંતા કરવાની સમસ્યા સર્જાઈ ગઈ છે. તેને ભણાવી-ગણાવીને અને જીવનના



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

માટે જરૂરી વિષયોનું જ્ઞાન અપાવવાને બદલે ગૃહસ્થીના કામકાજમાં પ્રવીણ બનાવવાની વાત વિચારવામાં આવે છે કેટલાંક ઘરોમાં ગૃહસ્થીના કામકાજમાં માત્ર રસોઈ બનાવવાનું અને કપડાં વાસણ સાફ કરવાનું મર્યાદિત કામ વિચારવામાં આવે છે ત્યારે કન્યાનો જન્મ સળગતો પ્રશ્ન બની જાય છે.

કન્યા તો પારકી થાપણ છે એમ માનીને તેને સગવડ આપવામાં અને મૂલ્યાંકન કરવામાં ભેદભાવ વર્તવામાં આવે છે. તેને ભણાવવા-ગણાવવાની શી જરૂરિયાત છે અને તેને સારું ખવડાવવા, પીવડાવવા અને પહેરવાના લાડ કેમ કરવામાં આવે. છેવટે તેણે પારકા ઘેર જ જવાનું છે. જો કે સાચી વાત તો એ છે કે ન તો કન્યા અંતિમ સમયની સાથીદાર હોય છે અને ન તો પુત્ર હોય છે. આજના સમયમાં બદલાતા સંદર્ભના યુગમાં વૃદ્ધ વડીલો પોતાના પુત્રો દ્વારા વર્તવામાં આવતી અવગણના રૂપમાં આ હકીકતને સારા પ્રમાણમાં જોઈને સમજી રહ્યાં છે.

પારકી થાપણ અને બીજાના ઘરની શોભાના રૂપમાં તેની પ્રતિષ્ઠા થતી હોત કે તેનું સ્થાન સુરક્ષિત બની જાત તો પણ કંઈ સંતોષ થઈ શકતો હતો. કન્યા વહુ થઈને સાસરીમાં જાય છે તો તે ઘરના પુરુષ સભ્યોની લઈને સ્ત્રીઓ સુદ્ધાં પોતાની આત્મીયતા દર્શાવતાં નથી. તેઓ સમજે છે કે રોટી-કપડાંના બદલામાં એક સસ્તી દાસી મળી ગઈ છે, જે જીવનપર્યંત તેમની અને તેમના પુત્રોની સેવા કરશે. કુટુંબના અન્ય સભ્યો તો વહુના આગમનને અસ્વાભાવિક રૂપથી જુએ છે. તેનો પતિ પણ તેને સ્વાભાવિક રૂપથી ક્યાં ગ્રહણ કરે છે. તે સમજે છે કે તેને સેવા માટે નોકરની સાથોસાથ પોતાની કામવાસનાની તૃપ્તિ માટે એક રમકડું મળી ગયું બહારથી ભલે કંઈ પણ દેખાતું હોય, આંતરિક અને માનસિક સ્થિતિ કંઈ ભિન્ન જ હોય છે. અહીં પણ પુરુષનું વર્ચસ્વ બનેલું જોવા મળે છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વર્તમાન સમયમાં જ્યારે મહિલાઓની સ્થિતિમાં ઝડપથી પરિવર્તન થઈ રહ્યું છે ત્યારે સૌ પ્રથમ પુરુષે પોતાની સંકુચિત અહમ્‌થી પ્રેરાયેલ દુરાગ્રહયુકત વ્યવહાર બદલવો જોઈશે. પરિણીત સ્ત્રીનો સૌથી વધુ નજીકનો અને અંતરનો પુરુષ સાથીદાર પતિ છે, આથી તેમના સંબંધોની સૂક્ષ્મતાઓને સારી રીતે ઓળખી લેવી જોઈએ. ઉદાહરણસ્વરૂપે કેટલાય પતિ એવા હશે જેઓ એમ માને છે કે ઘરમાં ફાજલ સમય પસાર કરવાની શી જરૂરિયાત છે અને ઘરમાં પત્નીને કઈ વાતનું દુઃખ છે. હું સારી કમાણી કરું છું, સગવડભર્યું મકાન છે, બાળકો છે, એના ઉપરાંત તેને બીજું શું જોઈએ ? આ બધું હોવા છતાંય અમે રજાનો (ફુરસદ) સમય ક્યાંક મોજમજામાં ન વિતાવતાં બાળકોની રડારોળ સાંભળતાં રહીએ એની શી જરૂરિયાત છે ? "આનો અર્થ છે પ્રાપ્ય સુખ-સગવડો પત્નીના માટે જ છે અને તેણે તેમાં જ સંતોષ માનવો જોઈએ કારણ કે તેના માટે એ બધું પૂરતું છે. જો કે પતિ મહાશય કુટુંબમાં વિશિષ્ટ હોવાથી તેના માટેના સંતોષ અને આનંદના કેન્દ્ર, જરૂરિયાતો તથા રુચિઓ પણ કુટુંબના સામાન્ય સભ્યો અને પત્ની કરતાં અલગ હોવી જોઈએ."

પુરુષની પોતે માનેલી વિશિષ્ટ પ્રતિષ્ઠાને સિદ્ધ કરવા માટે ઉપરોકત કથન પૂરતું છે. જેનો આશય છે પતિની રુચિ પત્ની કરતાં અલગ હોવી જ જોઈએ તથા તેણે પત્નીની ભાવનાત્મક અપેક્ષાઓને સમજવાની જરૂરિયાત નથી. દંપતિની 'બે શરીર એક પ્રાણ' થી ઉપમા આપવામાં આવે છે. પરંતુ મોટાભાગનાં દંપતિઓના પારસ્પરિક સંબંધોમાં આ ઉપમા ફલિતાર્થ થતી નથી. લગ્ન પછીના થોડા દિવસો સુધી પતિ પત્નીની દરેક ઇચ્છાને પૂરી કરવામાં ઉત્સાહ બતાવે છે અને તેને સર્વ પ્રકારથી સુખી રાખવા ઇચ્છે છે. પરંતુ એક-બે બાળકો થયા પછી તે સમગ્ર



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ઉત્સાહ અને પ્રયત્ન શિથિલ પડી જાય છે. આનું કારણ સંબંધોમાં કોઈ નવી વાતનો જન્મ થવો તે નથી. વાસ્તવમાં તો નવવધૂની પ્રત્યેનું સમગ્ર ધ્યાન વાસનાત્મક આકર્ષણ અને કામેચ્છાની તૃપ્તિનો મોહ જ છે, જે સમય જતાં મંદ પડવાથી ઉદાસીનતામાં પરિણમે છે. નહિ તો નવવધૂને પ્રેમ અને જન્મ-જન્માંતર સુધીનો સંબંધ રાખવાના સોગંધ પાનાર પતિ પોતાની પત્નીને શૈક્ષણિક દૃષ્ટિથી યોગ્ય બનાવવાનો કેટલો પ્રયત્ન કરે છે ? તેની ક્ષમતાઓના વિકાસમાં કેટલો રસ દાખવે છે ?

નવદંપતિઓના આકર્ષણ અને પ્રારંભિક સંબંધોની આ સ્થિતિ છે, પરંતુ પુરુષ અસલ સ્વરૂપમાં અહીં પણ પોતાના અહ્મને જ મહત્ત્વ આપે છે. નવવધૂના સ્વાસ્થ્ય, શક્તિ અને ક્ષમતાના પ્રત્યે કોઈ ધ્યાન ન આપતાં પોતાની તૃપ્તિને જ મહત્ત્વની ગણે છે અને એમાં ઘરની મોટી વૃદ્ધ સ્ત્રીઓ પણ હંમેશાંની પરંપરા મુજબ લંપટ અને દુરાચારી પતિને પણ દેવતા માનવાની પ્રેરણા આપતી રહે છે. બજારમાં કે મિત્રોની સાથે પતિ કેટલીય મોજમજા કરી રહ્યો હોય, પરંતુ પત્નીએ ભોજન ત્યારે કરવું જોઈએ જ્યારે પતિ ભોજન કરી લે. ભલે તે બપોરના બાર વાગે ખાય કે બપોર પછી ત્રણ વાગે ખાય. પુરુષ પોતાના પહેરેલાં કપડાં ધોવાની, બટન ટાંકવાની, મોજાં સાફ કરવાની, કપડાંને ઈસ્ત્રી કરવાની અને જોડા સાફ કરવાની જવાબદારી તો પત્નીના માથે નાંખી છે, એથીય આગળ વધીને દાતણ કરતી વેળાએ પાણીનો લોટો લાવવાનું કામ પણ પત્ની પર છોડી દીધું છે. સ્ત્રીના જીવનમાં પતિના ઘર પર પણ શું સુખ અને શો સંતોષ ! પિતાના ઘેર પારકી થાપણ બનીને જીવી તો પતિના ઘેર પારકી પુત્રી બનીને રહેવાની લાચારી વેઠે છે. પુરુષે દરેક ક્ષેત્રમાં તેનું શોષણ કરવાની તથા પોતાના અહમ્‌ની તૃપ્તિ કરવાની દુષ્ટતા કરી છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

જો કે સ્ત્રીનું કુટુંબમાં સ્થાનની દૃષ્ટિએ બીજા દરજ્જાના સભ્યનું સ્થાન છે તો પણ અધિકારના ક્ષેત્રમાં તેની તેવી જ સ્થિતિ છે. કુટુંબમાં પુરુષ સભ્ય પોતાના માટે કે અન્ય સભ્યો અંગે સ્વતંત્ર નિર્ણય લઈ શકે છે. પરંતુ તે અધિકાર સ્ત્રીને હોતો નથી. ગમે ત્યારે તેનો અવાજ દબાવી શકાય છે, તેની આકાંક્ષા કચડી શકાય છે, તેની જરૂરિયાતોની અવગણના કરી શકાય છે. પુરુષ સમાજનો એક સ્વતંત્ર એકમ બની શકે છે. તો સ્ત્રીની બાબતમાં આ વાતનો સ્વીકાર કરવામાં શી તકલીફ જણાય છે. તેને જવાબદાર ઠેરવી શકાય છે, પરંતુ અધિકાર માટે હકદાર ગણવામાં આવતી નથી. લગ્ન પછી સ્વનિર્ભર પુત્ર પોતાની પત્નીને લઈને જુદો થઈ જાય છે તો પણ પોતાના પુત્રને દૂધ જેવો સફેદ અને વહુને બધા અનર્થોની ખાણ નિઃસંકોચ જાહેર કરવામાં આવે છે. જો કે વહુ બિચારી પોતાના મનની ઇચ્છા મુજબની રસોઈ પણ બનાવવા સ્વતંત્ર હોતી નથી. એના માટે પણ પતિને પૂછવું પડશે. જુદા થવાનો નિર્ણય એકલી વહૂનો હોતો નથી, તેમાં પુત્ર સરખા પ્રમાણમાં સંમત હોય ત્યારે આ વાત શકય બને છે. વાસ્તવમાં તો વહુ જુદા રહેવાની બાબતમાં તટસ્થ જ રહે છે. જીવનનો ઉદ્ધત પુત્ર મુશ્કેલી અનુભવે છે ત્યારે જુદા પડવાની વાત વિચારે છે અને તેનો સંપૂર્ણ દોષ વહુના માથા પર આવે છે.

પત્નીને મા બનવા માટેનો પહેલેથી સંમત થવાનો અધિકાર પણ નથી. મોટાભાગે પત્નીને વધુ પડતાં સંતાનોનો બોજ પતિએ કરેલા અત્યાચારને લીધે વેઠવો પડે છે. જો કે પ્રસવની વેદના અને બાળકોના પાલન-પોષણનું કામ તો પત્નીએ જ વેઠવું પડે છે. કુટુંબને લગતા પ્રત્યેક વિષયમાં પત્નીને (સ્ત્રીને) કંઈ પણ કહેવાનો અધિકાર નથી, જો કે કુટુંબની મહત્ત્વપૂર્ણ ભૂમિકા તો તેની જ હોય છે. તેને ઘરના બધા કામ કમને જ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કરવાં પડે છે અને તેથી જ કુટુંબની શાંતિ અને વ્યવસ્થા બગડે છે. આ બાબતમાં પુરુષોએ સમજદારીપૂર્વક કામ લેવું જોઈએ તથા પત્નીને પણ સમાન દરજ્જાની અધિકારિણી સમજીને યોગ્ય પ્રતિષ્ઠા આપવી જોઈએ. તેની યોગ્યતાનો લાભ કુટુંબને વસાવવામાં જ નહીં બલ્કે તેનું નિર્માણ કરવામાં લેવો જોઈએ, કારણ કે સમાજનો વિકાસ સ્ત્રી-પુરુષોના શોષિત અને શોષક સંબંધો પર નથી થતો પરંતુ તેઓના સંબંધો મિત્ર અને સાથીદાર તરીકેના હોય છે ત્યારે જ થાય છે.

## ૮. પતિવ્રતનું કર્તવ્ય અને મર્યાદાઓનું પાલન શું પત્નીએ જ નિભાવવાનું ?

શરતચંદ્રની એક નવલકથાની નાયિકા નાયકને એ પ્રશ્ન પૂછે છે, “દાંપત્યજીવનના જેટલાં પણ કર્તવ્યો અને મર્યાદાઓ છે તે શું ફક્ત સ્ત્રીઓના માટે જ છે ? પુરુષ જે સ્ત્રીની સાથે વૈદિક મંત્રોની સાક્ષીએ લગ્ન કરે છે તેના પ્રત્યે તેનું શું એ કર્તવ્ય છે, કે તેના નેતરની સોટીથી અધિકારો પડાવી લે અને બધી જવાબદારી તેના માથા પર ઢોળી દે ?” આ પ્રશ્ન માત્ર નાયકને પૂછવામાં આવ્યો નથી, બલ્કે નાયકના માધ્યમથી સમગ્ર સમાજને પૂછવામાં આવ્યો છે. સાધારણ રીતે આપણે જોઈએ છીએ કે કૌટુંબિક જીવનમાં પુરુષે પોતાના પક્ષમાં અમર્યાદિત અધિકારો અબાધિત રાખ્યા છે, જ્યારે પત્નીઓના માથે ઘરની સેવા, બાળકોનું લાલન-પાલન, રસોઈ, કુટુંબ પ્રત્યે નિષ્ઠા અને વફાદારીની અપેક્ષાઓ લદાયેલી રહે છે. જો કે અધિકારોના નામ પર તેની પાસે લેશમાત્રનો પણ કોઈ નિર્ણય કરવાની છૂટ હોતી નથી.

આથી એકાએક એ પ્રશ્ન ઊભો થાય છે કે શું બધાં



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કર્તવ્યો સ્ત્રીઓએ પૂરાં કરવાનાં છે અને અધિકારોનો ઉપયોગ કરવાની ક્ષમતા માત્ર પુરુષોની પાસે જ હોય છે. 'ભારતીય કૌટુંબિક જીવનના સંબંધમાં કોઈ વિચારકે કહ્યું છે, પ્રત્યેક ભારતીય પુરુષ પોતાના માટે સીતા અને સાવિત્રી જેવી પત્ની ઇચ્છે, પરંતુ દુઃખ થાય છે કે રામ અને સત્યવાન બનવાનું કોઈ પણ ઈચ્છતું નથી.'

સીતા-સાવિત્રીની અપેક્ષા નારીના સતીત્વને ધ્યાનમાં લઈને જ કરવામાં આવે છે, જાણે કે દાંપત્ય જીવનની આ જ એક-માત્ર પાત્રતા હોય. કૌટુંબિક જીવનમાં ચારિત્ર્ય અને સતીત્વનું મહત્ત્વ તો છે, પરંતુ તેના માટે અન્ય વાતોની ઉપેક્ષા કરી દેવી, ત્યાં સુધી કે પુરુષ દ્વારા પોતાના ચારિત્ર્ય અને શુદ્ધતાને મહત્ત્વહીન માનવું કૌટુંબિક સંસ્થાને માટે ઘણું જ નુકસાનકારક સાબિત થયું છે. વાસ્તવમાં પતિ-પત્ની બંનેએ ચારિત્ર્યવાન અને પત્નીવ્રતી તથા પતિવ્રત હોવું જોઈએ, પરંતુ સ્ત્રી પર જ આનું સમગ્ર કર્તવ્ય છોડી દઈને પુરુષ પોતાની તરફ ઓછું ધ્યાન આપવા લાગ્યો. નારીની પરતંત્રતાની શરૂઆત અહીંથી શરૂ થઈ. તે પત્ની અને સાથી ન રહેતાં દાસી તથા સેવિકા એ સમયથી જ સમજાવા લાગી, જો કે તેની પ્રત્યે નિષ્ઠાનું પોતાનું કર્તવ્ય પણ પુરુષે છોડી દીધું.

પોતાનાં કર્તવ્યો અને સ્ત્રીના અન્ય ગુણો પ્રત્યેથી ધ્યાન ઓછું કરીને કે ઘટાડીને તેની નિષ્ઠા પર બધો જ ભાર મૂકવાનો અર્થ તો એ છે કુટુંબનું નિર્માણ ફક્ત સંતાનના ઉત્પાદનને માટે જ કરવામાં આવે છે. આજના સમયને ધ્યાનમાં લઈએ તો લગ્નનો ઉદ્દેશ ફક્ત કામસેવન જ છે. આમ કહેવાનો અર્થ એ નથી કે સંતાનના ઉત્પાદનનો લગ્ન અને દાંપત્ય જીવનથી કોઈ સંબંધ જ નથી. સંતાન ઉત્પાદન કુટુંબ વસાવવાનો એક ઉદ્દેશ તો છે, પરંતુ તે જ સંપૂર્ણ ઉદ્દેશ નથી, બલ્કે સંપૂર્ણ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ઉદ્દેશ તો એટલો ઊંચો છે કે તેની સામે સંતાન ઉત્પાદન એક નાનો સરખો હેતુ પૂરો કરી શકે છે.

લગ્નનો સંપૂર્ણ ઉદ્દેશ સેવા, પ્રેમ, ત્યાગ અને સહિષ્ણુતાથી સંબંધિત છે. માતાપિતાની સાથે પુત્રનો ગાઢ સંબંધ હોય છે, તેના પછી પુરુષનો સૌથી વધુ ગાઢ સંબંધ પોતાની પત્ની સાથેનો હોય છે. સ્ત્રીની બાબતમાં પણ આ સિદ્ધાંત લાગુ પડે છે. એક રીતે જોઈએ તો પતિ-પત્નીના સંબંધો માતાપિતાના સંબંધોથી વધુ ગાઢ અને આત્મીય હોય છે, કારણ કે બાળપણ અને કિશોરાવસ્થામાં ભણાવ્યા પછી વડીલોના સંરક્ષણની કોઈ જરૂરિયાત રહેતી નથી. આજકાલ માતપિતાના કરતાં વધુ પડતો સંબંધ અહીં આવીને પૂરો થઈ જાય છે. એના માટે ફક્ત સંતાનને જ ગુનેગાર ગણવા અયોગ્ય ગણાશે. આજે પરિસ્થિતિઓ કંઈ એવી બની રહી છે કે યુવક આત્મનિર્ભર થઈ ગયા પછી સંરક્ષણની ઓછી, પરંતુ સાથી અને મિત્રની જરૂરિયાત વધુ અનુભવે છે. જો કે માતાપિતા જે કદીક સંરક્ષક રહ્યા હોય છે, તેઓ પોતાનાં સંતાનોની સાથે મિત્રવત્ વ્યવહાર કરવો પોતાની પ્રતિષ્ઠાનું અપમાન સમજે છે. ભારતીય સંસ્કૃતિમાં તો આ હકીકતની તરફ ઈશારો કરતાં પહેલેથી જ કહેવામાં આવ્યું છે કે ૧૬ વર્ષની ઉંમર પછી પુત્રને એક મિત્રની દૃષ્ટિથી જોવો જોઈએ.

પતિ-પત્નીના ગાઢ આત્મીય સંબંધોનું એક કારણ એ છે, કે તેઓ જેટલો નજીકનો, ખુલ્લા મનનો અને પરસ્પર ત્યાગપૂર્વકનો જીવન સંબંધ નિભાવે છે તેટલો અન્ય સંબંધોમાં કદાચ જ જોવા મળે છે. પત્ની પોતાનું કુટુંબ, માતાપિતા, ભાઈબહેન અને સખીઓને છોડીને પતિની પાસે આવે છે અને સર્વસ્વ સોંપી દે છે. તો પછી પુરુષે પણ પ્રતિદાન સ્વરૂપે આત્મસમર્પણ કરવું જોઈએ. પરંતુ પુરુષ પ્રતિદાનને બદલે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આક્રમણ કરે છે અને પત્નીને પણ પોતાની સંપત્તિ ગણી લે છે.

પત્નીને સંપત્તિ સમજવી તે પછાતપણું અને અસભ્ય યુગને દર્શાવનાર છે. પરંતુ આજનો આધુનિક અને પ્રગતિશીલ સમાજ આ જ છળને આધારે જીવી રહ્યો છે. પહેલું છળ તો એ છે કે આપણે લગ્નનો અર્થ માત્ર કામસેવન સમજીએ છીએ.

માત્ર કામવાસનાનો ઉદ્દેશ રાખીને લગ્ન કરવા એકાંગી જ નહીં હાસ્યાસ્પદ પણ છે. આ જ હાસ્યાસ્પદ પ્રક્રિયાને સદીઓથી સ્વીકારવામાં આવી રહી છે અને લગ્નના મહાન ઉદ્દેશોની પ્રત્યે આંખો બંધ કરી દેવાઈ છે. આ જ કારણે સ્ત્રીને દાસી બનાવવાનો રિવાજ શરૂ થયેલો જણાય છે. પુરુષે સ્ત્રી પાસે પતિવ્રત ધર્મની અપેક્ષા રાખવાથી અને પત્નીવ્રતથી વિમુખ રહેવાથી વર્ણસંકરતા પેદા ન થાય અને ગાઢ પ્રેમસંબંધ સ્થાપિત થાય તેવી અપેક્ષા રાખવી નિરર્થક છે. પતિમાં એવી જ ભાવના રહે કે પત્ની મારી દાસી છે, આથી તેના પર માત્ર મારો જ અધિકાર છે. તે મારી સંપત્તિ છે, અન્ય કોઈના ઉપભોગમાં કેમ આવે ?

પ્રશ્ન થાય છે કે પતિવ્રત ધર્મને શું હટાવી દેવામાં આવે ? એવું કરવાથી તો એક ભૂલ સુધારવા માટે એક બીજી અને મોટી ભૂલ કરવા જેવું છે. પતિવ્રત ધર્મ ન તો બિનજરૂરી છે અને ન અનિચ્છનીય છે. બિનજરૂરી અને અનિચ્છનીય તો એ છે કે પુરુષ પોતાના કર્તવ્યથી વિમુખ બને છે. જો સમાજમાં સ્વસ્થ વાતાવરણ બનાવવા માટે આ મર્યાદા રાખવામાં આવી હોય તો, તે સ્ત્રીઓ કરતાં પણ પુરુષોના માટે એ અનિવાર્ય બનાવવી જોઈએ. કારણકે સ્ત્રીઓ કોઈ બળાત્કાર કરતી નથી, કોઈને પથભ્રષ્ટ કરતી નથી કે કોઈ પુરુષને યૌન મર્યાદાઓનું ઉલ્લંઘન કરવા માટે પ્રેરિત કરતી નથી. સ્ત્રીઓમાં પુરુષોની સરખામણીમાં કામવાસના નહીં હોવા બરાબર હોય છે, એ વાત



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વિજ્ઞાનસિદ્ધ છે. જે કંઈ પણ હોય છે તે પણ પ્રકૃતિની પ્રેરણાવશ હોય છે અને તે પણ એક સંતાન થયા પછી સમાપ્ત થઈ જાય છે. અપાવદ સ્વરૂપે કોઈ સ્ત્રી એના માટે બદનામ પણ છે, તો તેને પથભ્રષ્ટ કરવામાં પુરુષ જ કારણભૂત હોય છે.

પુરુષ પોતાની પત્ની પર કામવાસનાનો અત્યાચાર કરે છે અને ઘરની બહાર પણ ગંદકીનું વાતાવરણ સર્જે છે. કામુકતા, લંપટતા, વ્યભિચાર, ચારિત્ર્યહરણ, બળાત્કારના જેટલા પણ સામાજિક અને કાયદાકીય ગુનાઓ છે તેની પક્કડમાં પુરુષ જ આવે છે. સ્ત્રી પાસે એક વાર પતિવ્રત ધર્મપાલનની અપેક્ષા ન પણ રાખવામાં આવે અને ફક્ત પુરુષ જ પત્નીવ્રત પાળવાનું જરૂરી સમજી લે તથા પાળવા લાગે તો સમાજમાં ગંદકી ફેલાવાનું કોઈ કારણ જ જોવા મળશે નહીં.

યૌન જીવનમાં એકનિષ્ઠાની બાબતમાં પુરુષે પોતે કર્તવ્યપાલનમાં છૂટ લઈ લીધી છે. ગૃહસ્થજીવનનાં અન્ય ક્ષેત્રોમાં પણ તે પોતાની ચાલાકીથી બચી જવામાં કોઈ ઊણપ રાખતો નથી. સંતાનોની દેખરેખ રાખવાની, રસોઈ બનાવવાની, ઘરના બીમાર સભ્યોની સારવાર કરવાની વગેરે બધી જવાબદારીઓ સ્ત્રી પર જ લદાયેલી છે. પુરુષ આ કાર્યો કરવામાં લાંછન અનુભવે છે. સ્ત્રી પતિવ્રતા રહે અને પુરુષ પણ પત્નીવ્રતીનું આચરણ કરતો રહે, તો પરસ્પર આત્મસમર્પણના આધાર પર શરૂ કરેલા દાંપત્યજીવનનો આનંદ માણી શકાય છે.

# ૯. પતિ જ નહીં, પતિનાં કર્તવ્યો પણ છે

'જેવો વ્યવહાર આપણે આપણા પ્રત્યે ઈચ્છીએ છીએ તેવો વ્યવહાર બીજા લોકોની સાથે કરો' સિદ્ધાંત મોટેભાગે બહુ ઓછો



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પાળવામાં આવે છે. બીજા લોકોની સાથેની વાત તો દૂર રહી, પોતાનાની સાથે એનો અમલ કરવામાં આવતો નથી. પુરુષનો સૌથી વધુ નજીકનો સંબંધી તેની પોતાની પત્ની હોય છે. તે તેના જીવનની સાથી હોય છે. તે આત્મીય ભાવોને જાણનારી, સમજનારી તથા તેની સુખદુઃખમાં હાથ લંબાવનારી હોય છે. પરંતુ પુરુષત્વનું અખંડ સ્વામીત્વ પોતાની પત્ની પર જમાવી રાખીને પુરુષ તેને પોતાની દાસી અને સેવિકા સમજે છે. તેઓ હંમેશાં તેની પાસે કામ કરાવતા રહે છે. થોડાંક અને નાનાં કામો માટે તેના પર આશ્રિત રહે છે. આ કાર્યોમાં તેનાથી થોડી સરખી પણ ભૂલ થઈ જાય છે તો તેને લીધે લાંછન લગાડવામાં આવે છે, તેનો તિરસ્કાર કરવામાં આવે છે. વાતવાતમાં પત્નીને અપમાનિત થવું પડે છે.

નારીને સહનશીલતા, ત્યાગ, મમતા, સહૃદયતાની દેવી કહીને પુરુષો પોતાના આતંકને ચાલુ રાખવામાં જ પોતાનું સ્વાભિમાન સમજે છે. તેઓ પત્ની પાસે એવી અપેક્ષા રાખે છે કે તે પોતે પોતાના અસ્તિત્વને ભૂલીને કેવળ અમારી પૂજા કરતી રહે, ભલે એના માટે તેને કેટલાંય કષ્ટો અને દુઃખોને કેમ સહન ન કરવા પડે. હૃષ્ટપુષ્ટ સ્વસ્થ પુરુષ પણ રોગી-કમજોર પત્ની પાસે પોતાની સેવા કરાવવાથી, લઈને ગૃહસ્થીનાં બધાં કામને કરાવતા રહેવાની ઇચ્છા રાખે છે. એવું કરે પણ છે. અન્ય કામોની વાત તો અલગ છે, તેઓ પોતે પોતાના હાથથી પાણી લેવામાં પણ પોતાના પુરુષત્વનું અપમાન સમજે છે.

જ્યાં પુરુષની આટલી બધી અપેક્ષાઓ હોય છે ત્યાં નારીની પણ કંઈને કંઈ પોતાની ઇચ્છા હશે જ, તેઓ પણ પોતાની ઇચ્છાઓ મુજબનો પતિ ઇચ્છતી હશે. આ વાતની ઉપેક્ષા કરી શકાય નહીં. તેઓ પણ ઇચ્છે કે તેમના પતિ સાચા



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જીવનસાથી, ખભાથી ખભો મિલાવીને ચાલનારા, જીવન યાત્રામાં દાંપત્ય રથને આગળ વધારીને સ્વર્ગીય સુખોની વૃદ્ધિ કરનારા મળે. આવા સાચા સાથીદારને મેળવીને તેઓ સ્વયંને ગૌરવશાળી અનુભવ કરે છે તથા આવા પતિની પત્ની બનવાનો ગર્વ પણ અનુભવે છે. કંઈ એવું તો નથી કે ફકત પતિ જ સારી પત્ની ઈચ્છે અને પત્ની સારો પતિ ન ઈચ્છે.

વ્યવહાર જગતમાં એવું જ બની રહ્યું છે કે પતિની બધી ઈચ્છાઓ પૂરી થવી જોઈએ. આ બાબતમાં અનુકૂળ ન થાય ત્યારે પત્નીને તંગ કરવી, મારપીટ કરવી, તિરસ્કાર કરવો, છૂટાછેડા આપવા વગેરેની સજાઓ પણ આપવામાં આવે છે. આનો બીજો પક્ષ એ છે કે પત્નીની ઈચ્છાઓની કોઈ કિંમત માનવામાં આવતી નથી. તે ખરીદેલી ગાય અને પગની જૂતી જ માનવામાં આવે છે. નારીઓ પણ પોતાની સહનશીલતા, સરળતા, મમતા તથા કોમળતાથી પુરુષના નીંદનીય અત્યાચારોને સહન કરતી રહે છે. આ તકલીફોને સહન કરતી રહીને પણ આત્મસમર્પણ દ્વારા પોતાનાં દુઃખોને ભૂલી જઈને પતિનાં સુખોનું ધ્યાન રાખે છે. પરંતુ પતિનું કઠોર હૃદય તેની લાચારીને જોઈને પીગળતું નથી. તે આ પ્રકારનાં પીડાકારક કાર્યો કરતો રહીને પોતાનું ગૌરવ અનુભવે છે.

ગૃહસ્થીનાં સંબંધિત અનેક કાર્યોનું સંચાલન સ્વયં નારીએ જ કરવું પડે છે. તેના બગડવા-બનવાથી લઈને સુરક્ષા વ્યવસ્થા સુધીની અનેક સમસ્યાઓ અને સમાધાન સામે આવે છે. એમાં પ્રત્યેક સફળતાઓનો દોષ નારીના માથે ચઢાવવામાં આવે છે. નારીને તેનો પતિ ભોજનનો આશ્રય આપે છે. એમાં જ નારી સંતોષ માની લે છે. પરંતુ શું તેના પતિને જે ભોજન મળે છે તે જ તેને મળે છે. સૂકું-લુખું બચેલુ જેટલુ પણ તેને મળી જાય છે તેમાં જ તે સંતોષ માની લે છે, કોઈ રીતની



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આનાકાની કરતી નથી.

પુરુષ પોતે પોતાને પત્નીને માટે દેવતાથી ઓછો માનતો નથી. પત્ની પોતે પણ તેને દેવતા જ માને છે અને તેની સેવામાં કોઈ રીતની ઊણપ આવવા દેતી નથી. તે સેવામાં જ પોતાનો ઉદ્ધાર સમજે છે, જો કે પતિ પત્ની પાસે મશીનની માફક જ કામ કરાવે છે. તેને થાક લાગવાની કોઈ કામના કરતો નથી. પોતાની પતિ ધર્મમાં ઊણપ ન આવે એટલા માટે તે આજ્ઞાપાલન કરતી રહે છે. પુરુષ વિચારે છે કે તેની ન કોઈ ભાવના કે ઇચ્છા છે, ન તો તે સારા વ્યવહારની અધિકારિણી છે અને તેને સુખ-સગવડોને ભોગવવાનો અધિકાર છે. યંત્રવત્ કામ કરવા છતાંય તેનાથી વ્યવસ્થામાં થોડી સરખી ભૂલ થઈ જતાં ભયંકર ગર્જના કરનારા એ ભૂલી જાય છે કે નારી સિવાયનું તેનું ગૃહસ્થજીવન અધૂરું છે. એમાં તેનો સહકાર અસાધારણ છે.

જ્યાં પત્ની પાસે અનેક ઇચ્છાઓ અને મહેચ્છાઓ અપેક્ષિત છે ત્યાં માનવીયતાના આધાર પર પતિ પાસે પણ કેટલીક અપેક્ષાઓ અનિવાર્ય છે. તેઓ નારીને પોતાની અર્ધાંગિની સમજીને તેના સુખ અને વિકાસ માટેની ભાવનાઓને સમજે અને પોતાનો સહકાર આપે. ઘરસંસારના નાના-મોટાં કામોમાં પોતાનો ફાળો આપીને પોતાની જ મહાનતામાં વૃદ્ધિ કરે છે. કોઈ કામમાં કોઈ ભૂલ કે ખામી આવી જાય તો તેને પ્રેમપૂર્વક સમજાવીને સુધારો કરીને માફી આપવામાં સમજદારી છે. કોઈ કોઈ વાર સારું કામ કરે ત્યારે પત્નીની પ્રશંસા કરીને કોઈ ભેટની વ્યવસ્થા કરવી, કે જેથી તેનું સન્માન વધે તથા વિકાસ કરવામાં પ્રોત્સાહન મળે પરંતુ એવું ન થતાં એનાથી ઊલટું તેમને હંમેશાં ગાળો તથા તિરસ્કાર સહન કરવાં પડે છે. એનાથી મન ઘવાઈ જાય છે અને સહયોગના બદલે અસહયોગનું



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વાતાવરણ બની જાય છે.

પોતાનાં કર્તવ્યોની અવગણના કરતા રહેવું અને અધિકારોની થોકડી જમાવવી અન્યાય અને અસંગત છે તેમજ એકપક્ષીય પણ છે. સ્વયં પુરુષે આ બાબતમાં ઉદારતાપૂર્વક વ્યવહાર કરીને આદર્શ પતિની ભૂમિકા ભજવવી જોઈએ. નારી ઇચ્છાઓની પૂર્તિ કરવી તે કૌટુંબિક સુખ-શાંતિની વૃદ્ધિ અને ઉન્નતિ કરવાનું ઉત્તમ માધ્યમ છે. નારીઓ પણ પોતાના પતિમાં કેટલાક ગુણોની અપેક્ષા રાખે છે. જેના સહારે પોતાના જીવનની નાવ બાંધવામાં આવે છે, તે ખૂંટાની મજબૂતીની આશા રાખવી સ્વાભાવિક છે. પતિમાં તે ઉદારતા, વિનોદપ્રિયતા, વ્યવહાર-કુશળતા, સહકાર, પરિશ્રમશીલતા, કર્તવ્યપરાયણતા, ઈમાનદારી, શારીરિક સશક્તતા, શિષ્ટતા અને શુદ્ધ નિષ્કપટ જીવન વગેરે ગુણોની ઈચ્છા રાખે છે. નારીનું સમગ્ર જીવન જ પુરુષની ઉન્નતિ-દુર્ગતિ, આદર-અવગણના, સફળતા-અસફળતા, સુખ-દુઃખની સાથે જોડાયેલું છે. આથી પુરુષે પોતાની ગેરજવાબદારીથી નારીના જીવનને ઘૃણાજનક, અપમાનિત અને દુઃખી ન બનાવવું. આ બાબતનું ધ્યાન રાખવું તે પુરુષનું પરમ કર્તવ્ય છે.

ઓછું ભણેલી, કુરૂપ, કાળી પત્નીની સાથે સંબંધ સ્થપાયા પછી તેને નિભાવી લેવામાં પુરુષનું ગૌરવ છે. રૂપની લાલચમાં અનેક નિર્દોષ મહિલાઓનો તિરસ્કાર થતો રહે છે અને તેમના જીવનનું સમગ્ર નાશ પામે છે. આ કેવી વિટંબણા છે કે પુરુષ સ્વયં કુરૂપ હોવા છતાંય રૂપવતી પત્ની ઈચ્છે છે. રૂપસૌંદર્યથી કંઈ સુધરતું કે બગડતું નથી. આ વાતને લીધે કૌટુંબિક સુખનું બલિદાન આપી દેવું કેટલું તર્કહીન છે.

માનવીય જીવનમાં આપવાથી સાચું સુખ મળે છે, બીજા પાસેથી લેવાથી મળતું નથી. કુટુંબની આ નાનીસંરખી દુનિયામાં પણ તેનો પાલનકર્તા વિકૃત દૃષ્ટિકોણવાળો રહે તો તેના



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આશ્રિતોની શી દુર્દશા થઈ શકે છે, એ બધા લોકો સમજી શકે છે. પતિ-પત્નીના બંને પક્ષો તરફથી વિચારોની સમાનતા તથા સેવા-સહકાર, આદર-સન્માન આપતા રહેવાનું કર્તવ્ય નિભાવવામાં આવે તો કેટલું બધું સુખ મેળવી શકાય છે. ન તો પુરુષ પોતે પોતાની રીતમાં કે ન તો નારી પૂર્ણ છે. બંનેના સમન્વયથી જ પૂર્ણ ઘરસંસાર બને છે. તો પછી નારી પાસે જ બધી અપેક્ષાઓ રાખવી નિરાધાર છે. તે પોતાના માતાપિતા અને સમગ્ર સંબંધો છોડીને જેના આશરે રહેવા આવી છે, તે પણ તેનો સહયોગ ન કરે તો એ કેટલું અવ્યાવહારિક છે. અગાઉના દિવસોમાં નારીનો તિરસ્કાર કરીને પુરુષે પૂરતું સુખ ભોગવ્યું છે. હવે એ દિવસો રહ્યા નથી કે તે નારીને દુઃખ આપતો રહે, પછી ભલે તે શારીરિક કે માનસિક દુઃખ હોય. પુરુષ તેને જીવનસાથી સમજે તથા પોતાનો અહંકાર છોડી દઈને તેનું સન્માન કરે. પત્નીની ઈચ્છાઓને અનુરૂપ પોતાના ગુણોને વિકસિત કરીને દુર્ગુણોને છોડી દેવામાં તે પોતાનું કર્તવ્ય સમજે, ગૃહસ્થધર્મનું પાલન કરે.

## ૧૦. સહધર્મચારિણીની પ્રત્યે કર્તવ્યનિષ્ઠ રહો

પ્રકૃતિએ સ્ત્રી અને પુરુષમાં શરીરની રચના સિવાય બીજી કોઈ બાબતમાં તફાવત રાખ્યો નથી. તેનું કારણ કેટલીક પ્રાકૃતિક જરૂરિયાતો પૂરતું છે, બાકી તો શ્વાસ, હૃદય, મગજ, બુદ્ધિ, આંખો અને સ્નાયુઓની બાબતમાં બંને એકસરખા છે. તે પ્રાકૃતિક જરૂરિયાતો પૂરી કરવા માટે સાથે રહેવું પણ જરૂરી છે અને તેથી તેઓ પતિ-પત્નીનો સંબંધ જોડે છે, જે ક્રમશઃ મન, મગજ, હૃદય, અંતઃકરણ તથા પ્રાણોની એકતા સુધી ઘનિષ્ઠ બની જાય છે. પ્રેમ અને આત્મીયતાનો પાઠ મનુષ્ય કુટુંબથી જ શરૂ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કરે છે. તે એટલે સુધી વધે છે કે તેઓને એકબીજાના સિવાય જીવવાનું દુર્લભ થઈ જાય છે.

કુટુંબનિર્માણ અને તેની અન્ય જરૂરિયાતોને પૂરી કરવા માટે એકબીજાનું કાર્ય તથા જવાબદારીનું વિભાજન થયું છે અને તેને પૂરા કરવાની પરંપરા ચાલી છે જે યોગ્ય પણ છે. એક સભ્ય નિર્વાહનાં સાધનો પૂરાં પાડે છે, તો બીજો સભ્ય તેને ઉપયોગી બનાવે છે, એક બહારનું ક્ષેત્ર સંભાળે છે તો બીજી વ્યકિત અંદરની વ્યવસ્થાઓ જુએ છે. આટલે સુધીની વાત તો સમજી શકાય છે અને ઠીક પણ લાગે છે, પરંતુ આ જ કારણને લીધે એક પોતાને મોટો સમજવા લાગે અને બીજાનું શોષણ કરે, એ જરા પણ યોગ્ય લાગતું નથી. બંને પોતપોતાનાં કાર્યોની લક્ષ્મણરેખા સમજી લે અને કોઈ પણ પરિસ્થિતિઓમાં એકબીજાનું કામ ન સંભાળે, આ વિકૃતિ તો નહીં, તો શું છે ? સ્ત્રીના પક્ષમાં ઘરનું કામ, રસોઈ બનાવવી, સફાઈ કરવી, બાળકોની દેખરેખ રાખવી વગેરે કામ છે અને પુરુષનું કાર્ય બહારનું-કમાવવું, ખેતી કે નોકરી, વેપાર કરવો વગેરે છે. પરંતુ તે સમય પર જરૂરિયાત પડતાં પણ ઘરની અંદરનાં કાર્યો કરવામાં આવે અને જોવામાં પોતાની હેયતા સમજે છે. બિચારી મહિલાઓ તો સમય આવે ત્યારે પુરુષના ક્ષેત્રનું પણ કામ કરી લે છે. પરંતુ બીમારી અને રોગિષ્ઠ અવસ્થામાં પણ પતિ પત્ની પાસે એ અપેક્ષા રાખે છે, તે તેને રસોઈ બનાવીને ખવડાવે અને બાળકોની સંભાળ રાખે. જેનો આધાર બનાવીને સહધર્મચરત્વ ધર્મનું પાલન કરવા માટે દંપતિ જીવન શરૂ કરવામાં આવ્યું, પરંતુ તેની તો અવગણના જ થઈ.

લગ્નના સમયે વર-વધૂ બંને પ્રતિજ્ઞા કરે છે કે અમે પરસ્પર એકબીજાની પ્રત્યે કર્તવ્યનિષ્ઠ રહીશું, એકબીજાને સહકાર આપીશું અને બંને પ્રગતિના પથ પર આગળ વધીશું, પરંતુ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આગળ જતાં પ્રતિજ્ઞા અધૂરી જ રહી જાય છે તથા પુરુષ જ્યાં પત્નીનું કામ કરવામાં નાનમ સમજે છે, ત્યાં પત્નીને પુરુષના ક્ષેત્રમાં આગળ વધતાં પણ રોકે છે.

પોતપોતાનાં કાર્યોને જ પોતાની અંતિમ સીમા-રેખા માની લેવી કોઈ પણ દૃષ્ટિથી ઈચ્છનીય કહી શકાતું નથી. સભ્ય તો એ છે કે પતિ અને પત્ની બે એક એકમ બનીને સંયુક્ત વ્યકિતત્વનું નિર્માણ કરે છે. બંને એકબીજાને પૂરક બનીને જીવનપથ પર સફળતાપૂર્વક આગળ વધી શકે છે. સહકારની દૃષ્ટિથી કામના વિભાજનની વાત જુદી છે, પરંતુ એવી કોઈ કઠોર મર્યાદા બનાવી શકાય નહીં કે અમુક કાર્ય ફકત પતિ જ કરે અને અમુક કાર્ય માટે પત્ની પર જ નિર્ભર રહેવામાં આવે. યોગ્ય વાત તો તે છે કે જ્યારે જરૂરિયાત પડે ત્યારે બંને વફાદાર અને કર્તવ્યનિષ્ઠ સાથીદારની જેમ એકબીજાને કામમાં મદદ કરે, ભલે તે કાર્ય ઘરનું હોય કે બહારનું હોય.

પત્ની મોટેભાગે પોતાના કર્તવ્યથી વિમુખ રહેતી નથી, પરંતુ પતિ પોતે પોતાને ઘરનો સ્વામી સમજતો હોવાથી બીજાં કાર્યોમાં મદદ કરવી તેને પોતાની હિનતા સમજે છે. જેમ કે પત્નીને કુટુંબના બધા સભ્યોના માટે ભોજન તૈયાર કરવું પડે છે, પરંતુ કોઈવાર તે બીમાર થઈ જાય તો પતિ પોતે ભોજન બનાવવાને બદલે પત્ની પાસે એ આશા રાખે છે કે તે બીમારીમાં પણ રસોઈ બનાવી આપે. કાં તો તે હોટલમાં ખાવાની અથવા બાળકો ઘરમાં હોય તો તેમના હાથ વડે રસોઈ બનાવવાની વાત વિચારશે. પત્ની હાજર હોય ત્યારે તેને રસોઈ બનાવવામાં શરમ આવે છે. સહજભાવથી પત્ની કોઈ કારણવશ પતિને ભોજન બનાવવાને માટે કહી પણ દે તો પતિ મહાશય એટલા ગુસ્સે થઈ જશે કે ભર્યા બજારમાં તેના પર કોઈએ જૂતાં ફેંકી દીધાં હોય.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પત્નીને પોતાનો સાથીદાર માનનારા અને તેને સહધર્મચારિણી સમજનારા પુરુષો આવા પ્રસંગો પર કદી પણ સંકોચ અનુભવતા નથી. પ્રાચીનકાળમાં છોકરીઓની જેમ છોકરાઓ પણ રસોઈની કળા શીખતા હતા. ગુરુકુળોમાં આચાર્ય પોતાની પત્નીની સાથે જ બધાં બાળકોની દેખરેખ રાખતા અને ભોજન બનાવવાથી માંડીને આશ્રમની સફાઈ કરવામાં કોઈ પણ સંકોચ રાખતાં ન હતાં. નળ રાજા રસોઈકળામાં નિપુણ હતા અને આ જ ગુણને કારણે ઋતુપર્ણના સારથીના રૂપમાં તેમને દમયંતીએ ઓળખી લીધા હતા. જનક જો કે સમ્રાટ હતા, છતાંય રસોઈની કળામાં નિપુણ ગણાતા હતા. ગદાધારી ભીમ અજ્ઞાતવાસમાં રાજા વિરાટને ત્યાં રસોઈયા તરીકે નિમાયા હતા.

પ્રાચીનકાળની જ વાત શા માટે કરવી, આ યુગમાં મહાત્મા ગાંધીજીનું ઉદાહરણ તાજું છે. તેઓ કસ્તૂરબાની સાથે રસોઈના કામમાં અને આશ્રમવાસીઓને ખાવાનું પીરસવામાં ખૂબ જ શોખથી કામ કરતાં. સ્વામી વિવેકાનંદ પોતાના હાથથી સ્વાદિષ્ટ ભોજન બનાવતા હતા. જવાહરલાલ નહેરુ, લાલબહાદુર શાસ્ત્રી વગેરે પ્રખ્યાત નેતા પોતાની પત્નીને દરેક કાર્યમાં સહકાર આપવા માટે હંમેશાં તત્પર રહેતા હતા. આપણે ત્યાં કોઈ પણ મહાપુરુષ એવા નથી રહ્યા કે જેઓ ઘરના કામ માટે ફક્ત પત્ની પર જ નિર્ભર રહ્યા હોય અથવા ઘરનું કામ કરવામાં સંકોચ અનુભવ્યો હોય.

ભોજન બનાવવાની માફક પતિ અને બાળકોનાં કપડાં ધોવાનું, ઘરની સફાઈ કરવાનું, બાળકોની દેખરેખ રાખવાનું અને ઘરની વ્યવસ્થા જાળવવાનું કાર્ય પણ પત્નીનું સમજવામાં આવે છે. આ ઉપરાંત કુટુંબનો કોઈ પણ સભ્ય જ્યારે બીમાર થઈ જાય છે ત્યારે તેની સેવાચાકરી માટે પણ પત્નીની જ નિમણૂક કરવામાં આવે છે. પરંતુ જરૂરિયાત જણાય છે ત્યારે પતિ તેના



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ભીનાં કપડાં નીચોવવામાં કે તેને કપડાં ઉઠાવીને બાજુ પર રાખવામાં નાક ફૂલાવે છે અને મોં મચકોડે છે. શું સેવાનું આ જ મૂલ્ય ચૂકવવું જોઈએ ? આપણે તેને ગૃહલક્ષ્મી, અર્ધાંગિની અને સહધર્મચારિણી જાહેર કરવામાં થાકતા નથી, પરંતુ તેનું નાનું સરખું કામ કરવામાં પણ ગભરાઈએ છીએ.

કેટલાંક કુટુંબોમાં સ્ત્રીઓ દિવસરાત કામમાં પરોવાયેલી રહે છે. તેમને સહેજ પણ ફુરસદ મળતી નથી બીજી તરફ પુરુષો ઘણો ખરો સમય વ્યર્થ આળસમાં પડી રહેવામાં, મોજશોખ કરવામાં અને પત્તા-શેતરંજ રમતા રહેવામાં જ પસાર કરી દે છે. જો કે જરૂરિયાત એ છે કે જો પતિની પાસે સમય હોય તો તેણે પત્નીને સહકાર આપવામાં તેને વાપરવો કે જેથી તેનું કાર્ય જલદી પૂરું થાય અને થાક અને તણાવથી શક્ય હોય તેટલા પ્રમાણમાં બચાવી શકાય.

અનેક લોકો પોતાની પત્નીને કામકાજમાં સહકાર આપવાની વાત તો કરતા નથી અને તેના પ્રત્યે સહાનુભૂતિ પણ બતાવતા નથી, ઊલટામાં પોતાના આડઅવળા કામથી તેને પરેશાનીમાં મૂકતા રહે છે. તેઓ રાત્રે મોડે સુધી સાથીદારો સાથે ગપ્પાં મારતા રહે છે, સિનેમા-મનોરંજનનાં સ્થાનો પરથી ઘેર મોડા આવે છે, જ્યારે ઘેર બિચારી પત્ની ભોજન બનાવીને થાકી-માંદી ભૂખી બેસી રહીને તેમની રાહ જોતી રહે છે. ભારતવર્ષમાં પત્નીને પતિવ્રતના નામ પર એટલી ક્ષુદ્ર બનાવી દેવામાં આવી છે કે બિચારી પતિના ખાધા પહેલાં કંઈ પણ ખાઈ કે પી શકતી નથી. પછી ભલે પતિ હોટલોમાં ખાતા-પીતા ફરતા હોય.

દંપતિ જીવનને સુખી બનાવવા માટે આ વાતો ઉપરાંત બીજી કેટલીય સાવચેતીઓ રાખવાની જરૂરિયાત છે, જે પૈકીનો એક મોટો આધાર એ ગણાવી શકાય કે આપણે પત્ની પ્રત્યે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સાચા ભાવનિષ્ઠ બનીએ. તેના અને આપણા વચ્ચે કોઈ નાનો-મોટો ભેદભાવ ન રાખીએ. પ્રેમ અને હૃદયની એકતામાં કોઈ નાનું નથી અને કોઈ મોટું નથી. આથી તેમને બરાબરીના સાથીદાર માનીને વ્યવહાર કરવો.

## ૧૧. પત્નીને દાસી નહીં, સાથીદાર માનીએ

કુટુંબની સુખ-શાંતિ જે આધારો પર નિર્ભર છે તેમાં પતિ-પત્નીનો સહકાર મુખ્ય છે. આપણું સૌભાગ્ય છે કે આપણાં કુટુંબો પશ્ચિમના દેશો કરતાં વધુ સ્થિર અને સુદૃઢ છે. આપણે ત્યાં માનવામાં આવે છે કે બાપના ઘેરથી પુત્રીની ડોલી નીકળે છે, તો પતિના ઘેરથી તેની નનામી નીકળશે. એક પત્નીવ્રત અને એક પતિવ્રત ભારતીય સંસ્કૃતિનો આદર્શ અને પરંપરા છે. આ જ આધાર પતિ-પત્નીના સંબંધ સ્નેહાળ, મધુર અને પ્રેમયુક્ત રહે છે. જ્યારે પશ્ચિમના દેશોમાં ઊંઘની વેળાએ નસકોરાં બોલવાં પણ છૂટાછેડાનું કારણ બની જાય છે. ત્યાં કોઈ એવા દંપતિ ભાગ્યે જ હશે કે જે કાલ માટે એકબીજાનું આશ્વાસન બનતાં હોય, જો કે ભારતીય કુટુંબોમાં પતિપત્ની જીવનમરણના સાથી છે.

આટલું હોવા છતાંય કુટુંબને સંપૂર્ણ રીતે આદર્શ કહી શકાય નહીં. એનું કારણ છે પતિ પત્ની વચ્ચે રહેનાર ઊંચનીચનું અંતર અને નાનામોટાનો ભેદભાવ. શેઠ-નોકરનો સંબંધ અને સ્વામી-ગુલામનું અંતર પણ મુખ્ય છે. આધુનિક યુવક-યુવતીઓમાં પરંપરાગત લગ્નો પ્રત્યે વિરોધ જન્મી રહ્યો છે, તો એના માટે માત્ર તેઓ જ દોષિત નથી દોષી છે તેમના વડીલો અને વિશેષ રૂપથી પિતા વધુ દોષિત છે, જેઓ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ગૃહિણીઓની સાથે બીજી કક્ષાનો વ્યવહાર કરતા હોય છે.

છોકરીઓને શરૂઆતથી જ ઘરના અન્ય લોકોની સેવા કરવાનું શિક્ષણ આપવામાં આવે છે. તેમનું કામ માત્ર પતિ અને કુટુંબના અન્ય સભ્યોની સુખ-સગવડ સાચવવાનું છે, પોતાના વિશે કશુંય વિચારવાનું નથી, તેમની સામે જ્યારે છોકરાઓ-ભાઈઓને તેમના કરતાં સારી સવલતો આપવામાં આવે છે ત્યારે તેમના મનમાં એક લઘુતાની ભાવના જન્મે છે અને છોકરાઓના મનમાં મિથ્યા અભિમાન પેદા થઈ જાય છે. લઘુતાની આ ભાવના છોકરીઓમાં અનેક સંકુચિતતાઓને જન્મ આપે છે, તો છોકરાઓમાં અધિકાર અને અભિમાનયુક્ત મોટપણના ભાવ જન્મ આપે છે. એના બદલે બંનેને ત્યાગ અને બલિદાન કરવાનું, એકબીજાની સગવડોનું ધ્યાન રાખવાનું શિક્ષણ આપવામાં આવે તો સેવા અને શિક્ષણના બંને હેતુઓ પૂરા થાય છે. તેનાથી છોકરીઓમાં લઘુતાગ્રંથિ બંધાતી નથી અને છોકરાઓમાં મિથ્યા અહંકાર પેદા થતો નથી, બલ્કે બંને એકબીજાની સેવાને પોતાનું કર્તવ્ય માનીને અપેક્ષા કરતાં વિશેષ સ્નેહ અને પ્રેમયુક્ત સહયોગીનું જીવન વિતાવી શકે છે, પરંતુ આ સ્થિતિ માટે પૂરતા પ્રયત્નોની જરૂરિયાત છે, ઘણી બધી ભ્રાંતિઓને તોડી દેવાની તથા આદર્શવાદી માન્યતાઓનું નિર્માણ કરવું જરૂરી છે.

આજનાં બાળકો ભવિષ્યમાં પોતાનું દંપતિ જીવન સુખદ, સ્નેહયુક્ત અને મધુર બનાવી શકે એના માટે પરિણીત દંપતિઓએ-માતાપિતાએ પોતાના દૃષ્ટિકોણમાં ફેરફાર કરવો જોઈએ. ત્યારે જ બાળકોની સમક્ષ દંપતિ જીવનનું આદર્શ ઉદાહરણ રજૂ કરી શકાય છે. બાળકો પોતાના માતાપિતા પાસેથી જેટલું શીખે છે તેનાથી વધુ તેમના સંસ્કારો ગ્રહણ કરે છે, સંસ્કારનો સીધો સંબંધ તેમના વ્યવહાર, વર્તન અને



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

રહેણીકરણીની અસર સાથે છે. માતાપિતા પરસ્પર જેવો વ્યવહાર કરે છે તેના પરથી બાળકો પણ એ માની લે છે કે પતિ-પત્ની વચ્ચે ઘર-કુટુંબમાં એવો જ વ્યવહાર હોવો જોઈએ.

પતિ મોટેભાગે એ સમજે છે કે પત્ની તેના માટે એક દાસી કરતાં વિશેષ નથી. કહેવા અને સાબિત કરવા માટે આદર્શવાદિતાની કેટલીયે વાતો કહેવામાં આવતી હોય, પરંતુ શ્રદ્ધા અને માન તો અંતઃપ્રેરિત વર્તન અને વ્યવહારથી જ અભિવ્યક્તિ થાય છે. નારીના સમાન અધિકાર અને તેના વ્યક્તિત્વનો સ્વીકાર કરવાનો આગ્રહ રાખનારા ઉદ્ગાતા કેટલાયે મળી જશે, પરંતુ તેઓ પોતાના વિચારોને સ્વયં કેટલા વ્યવહારમાં લાવે છે, આ પ્રવચન, ઉપદેશ અથવા સિદ્ધાંતોની સાબિતીથી, કર્મો અને વર્તનથી ખબર પડે છે. નારીમુક્તિનો પોકાર કરનારા કેટલાયે લોક પોતાના વ્યાવહારિક જીવનમાં તેવો જ વ્યવહાર કરે છે જેવો વ્યવહાર તેમના પૂર્વજો નારીને માત્ર ગૃહિણી માનીને કરતાં હતાં.

દરરોજનું કામકાજ કર્યા પછી મુક્ત થઈને પતિ જ્યારે સાંજના સમયે ઘેર પાછો આવે છે તો તે વિચારે છે, કે પત્ની તેના હાથપગ દબાવે અથવા તે જેવો ઘેર પહોંચે કે તુરત જ ખાવાનું બનાવીને ગરમાગરમ પીરસી દે. પરંપરાગત ભારતીય કુટુંબોમાં એ પણ સમજવામાં આવે છે કે પત્નીએ સૌના પછી ભોજન લેવું જોઈએ, ભલેને પતિ મહોદય બહારના મિત્રોની સાથે નાસ્તો કરીને કે પાર્ટીમાં જઈને આવ્યા હોય સાથે લોકો મોટે ભાગે એમ પણ માને છે કે બાળકોના પોષણનું અને લગ્નનું ધ્યાન રાખવાનું કામ ફક્ત પત્નીએ જ કરવાનું છે, તે કામમાં પતિએ સહેજ પણ હાથ લગાવવાની જરૂરિયાત નથી, કારણ કે તે તો દિવસપર્યંત્ કામ કરીને થાકી ગયો હોય છે. કામથી થાકી જવાની વાત જ આ માન્યતાનો આધાર છે, તો



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

એ પણ જોવું જોઈએ કે ઘરમાં પત્ની કોઈ કામ વગર બેસી રહેતી નથી. તેણે પણ દિવસપર્યંત કામમાં વ્યસ્ત રહેવું પડે છે. આ આધાર પર પતિ મહાશય પોતાનો એ અધિકાર સમજે કે દિવસભરમાં તે થાકી ગયો છે, તો પત્ની પણ તેનાથી ઓછી થાકેલી હોતી નથી. સવારમાં પુરુષોથી પહેલાં ઊઠી જઈને નાસ્તો બનાવવો, ભોજન તૈયાર કરવું, ઘરની સફાઈ કરવી, કપડાં ધોવા અને બાળકોની દેખરેખ રાખવી વગેરેમાં રાત પડી જાય છે અને સૂવાનો મોકો પણ સૌથી પછી મળે છે, તો થાકી જવાનું મોટું કારણ તો પત્ની સાથેનું જ છે. પતિ કરતાં વધુ શ્રમ તેણે જ કરવો પડે છે. થાક ઉતારવા માટે કોણે કોની સેવા કરવી જોઈએ, હવે આ નિર્ણય સરળતાથી કરી શકાય છે.

પરંતુ નિષ્પક્ષ નિર્ણય માટે વિચારમંથન કર્યા પછી ન્યાયયુક્ત નિષ્કર્ષ તારવ્યા પછી પણ, પતિ એ હકીકતને સ્વીકાર કરવા માટે તૈયાર થશે નહીં કે સેવાની પહેલી અધિકારિણી પત્ની છે. પતિના મનમાં એવી અહંકારમૂલક માન્યતા ઘર કરી બેઠી છે કે પત્નીની સેવાઓનો લાભ લેવાનો જન્મસિદ્ધ અધિકાર મારો છે.

કદાચ પુરુષો સ્વામી હોવાનો દંભ એટલા માટે કરે છે કે કમાણી કરવાનું અને નિર્વાહની વ્યવસ્થા કરવાનું કાર્ય તેઓ જ કરે છે. બાળપણથી પોષાયેલ અહંકાર અને દંભને કારણે તેઓ પોતાનો મોભો પણ પત્ની કરતાં વધુ ઊંચો સમજે છે. જો કાર્યના આધાર પર જ મોટપણનું મૂલ્યાંકન કરવામાં આવે તો પણ પત્નીનો પક્ષ વધુ વજનદાર સાબિત થાય છે. કમાણી કરતાં પણ વિશેષ જવાબદારી છે તેની વ્યવસ્થા કરવાની. કમાવા કરતાં પણ મુશ્કેલ છે ખર્ચ કરવો. નિર્વાહ માટેનાં સાધનો વસાવવાં કરતાં પણ વધુ ગંભીર અને કઠિન છે તેનો ઉપયોગ અને જાળવણી કરવાનું કામ આ સમગ્ર જવાબદારી પત્નીએ જ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સંભાળવી પડે છે અને સાથોસાથ અન્ય વધારાનાં કાર્યો એટલાં વધુ છે, જે પત્નીની તુલનામાં ઓછાં નથી પરંતુ વધુ શ્રમ-સાધ્ય છે.

પતિનો દરજ્જો મોટો સાબિત કરવા માટે આપવામાં આવતી દલીલો પોકળ છે. મૂળ વાત છે-પતિની અહમ્ ભાવના, પુરુષનું અભિમાન, જેના કારણે તે પોતાની ધર્મપત્નીની સાથે સાથીદારના જેવો વ્યવહાર કરી શકતો નથી અને ન તો તેને એ યોગ્ય સમજે છે. એનાં દુષ્પરિણામ વ્યક્તિથી જ નહીં, કૌટુંબિક અને સામાજિક સંદર્ભમાં પણ નુકસાનકારક હોય છે. માતા અભણ અને અશિક્ષિત હોવાથી કુટુંબમાં બાળકોના વ્યક્તિત્વ પર શરૂઆતથી જ યોગ્ય ધ્યાન આપી શકતી નથી. સમાજની અડધી વસ્તીને બાકીના અડધા ભાગનો ભાર પોતાના ખભા ઉપર ઉપાડીને ખેંચાવવું પડે છે, કારણ કે છોકરીઓ પોતાની જવાબદારીઓ જાતે પૂરી કરી શકે તે માટે એને યોગ્ય હોતી નથી

જો પતિ પત્નીના પ્રત્યેનો દાસીભાવ ન રાખે અને સાથીનો દૃષ્ટિકોણ રાખે તો છોકરીઓ ભલે નિરક્ષર રહીને લગ્ન કરે, પરંતુ યોગ્ય અને સદ્ભાવયુક્ત પતિનું સાન્નિધ્ય પ્રાપ્ત થવાથી તેઓ અશિક્ષિત રહી શકતી નથી સાથીની ભાવના, મૈત્રીનો આદર્શ પોતાના સહયોગી મિત્રને કોઈ ભાવ અયોગ્ય અને પછાત જોવાનું સહન કરી શકશે નહીં. પરંતુ આ ભાવના કેટલા પુરુષોમાં વિકસિત થાય છે ? દંપતી જીવનને કલાત્મક રૂપથી જીવવાની મહેચ્છા કેટલાના હૃદયમાં હોય છે ? મોટાભાગના લોકો તો ગમે તેમ ગૃહસ્થીને ગબડાવતા રહેવામાં વિશ્વાસ રાખે છે. આ ભાવનાને તિલાંજલી આપી દેવી જ જોઈએ.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# ૧૨. જીવનસાથીની સાથે માનવીય વ્યવહાર કરો

બાળપણમાંથી યુવાવસ્થામાં પ્રવેશ કરતી વેળાએ છોકરીઓ ફૂલ સમાન હોય છે. તેમનો ચહેરો જેટલો પ્રફુલ્લ હોય છે તેટલું શરીર પણ મજબૂત હોય છે. પુખ્ત બનેલી છોકરીઓનું લગ્ન થઈ જાય છે. તે સમયે તેમની સુંદરતા અને પ્રફુલ્લિત મુખમંડળ પર એક તેજ ચમકતું હોય છે. પરંતુ લગ્નના ચાર-પાંચ વર્ષ પછી તેને ઓળખવી પણ મુશ્કેલ બની જાય છે. માબાપ વિચારે છે કે અમારી છોકરીને શું થઈ ગયું ? ફૂલ જેવી કોમળ અને સુંદર બાળકી આટલી કેમ કરમાઈ ગઈ ? પીળો ઉદાસ જેવો ચહેરો, ખાડામાં ગયેલી આંખો, નમી ગયેલી કમર, બેસવા અને ઉઠવામાં એવું જણાય કે શરીર પર ઘણું જોર પડી રહ્યું છે. આ છોકરીઓને શું થઈ જાય છે ? જેમનાં લગ્ન થયે હમણાં ચાર-પાંચ વર્ષ જ થયાં છે અને લગ્નના સમયે જે ૧૬-૧૭ વર્ષની હતી, હવે ૨૧-૨૨ વર્ષની થઈ ગઈ હશે, પરંતુ તેની જવાની ઢળી રહી હોય તેવું લાગે છે અને તે પ્રૌઢ બની ગઈ છે.

લગ્નના સમયે માબાપ પોતાની છોકરીઓને વિદાય કરતી વેળાએ વિચારે છે કે તે સાસરીમાં જઈને સુખી રહેશે. તેને ત્યાં કોઈ રીતની ઊણપ નહીં હોય અને તે સ્વસ્થ, મજબૂત તથા શક્તિશાળી બનશે, પરંતુ સાસરીમાં બિચારી છોકરીઓ પર ન જાણે કેટલો માર પડે છે કે બે ત્રણ વર્ષ પછી તેઓ કરમાયેલી અને પીળા ચહેરાવાળી રોગયુક્ત બની જાય છે. ઘણીખરી છોકરીઓ તો યુવાવસ્થામાં જ કસમયે અકાળ મૃત્યુનો કોળિયો બની જાય છે. તેમના મૃત્યુનું કારણ અલબત્ત વિવિધ રોગો હોય



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

છે, પરંતુ રોગનું આક્રમણ તો ત્યારે જ સફળ થાય છે કે જ્યારે શરીર કમજોર થઈ જાય છે.

છોકરીઓ કમજોર કેમ બની જાય છે ? વિચાર કરવાથી ખબર પડે છે કે લગ્નનાં થોડાંક વર્ષો પછી જ, પ્રૌઢ સ્ત્રી જેવી દેખાતી છોકરીઓની કમજોરી, બીમારી અને મૃત્યુની પકડમાં બંધાવવાની જવાબદારી તેમના પતિઓના પર આવે છે. લગ્ન પછી છોકરી પાંચ-છ વર્ષ સુધીમાં તો ત્રણ ચાર સંતાનોને જન્મ આપી ચૂકી હોય છે. સંતાન ન થયાં હોય તો પણ પતિની કામવાસનાના અત્યાચારોની પીડા વેઠવી પડે છે. જે સ્ત્રીઓને પોતાના પતિના આવા અત્યાચારો વેઠવા પડે છે, તેમાંથી કેટલીયને હાડકામાં જીર્ણ કે જૂનો તાવ ઘર કરી જાય છે અને તેઓ ક્ષયની રોગી બની જાય છે. કેટલીયને ગર્ભાશય સંબંધી રોગો થઈ જાય છે, ઘણાંયને ઘૃણાસ્પદ યૌનસંબંધી રોગો લાગુ પડે છે અને અનેક સ્ત્રીઓનું સ્નાયુતંત્ર નબળું પડી જાય છે અને તેઓ જાતજાતની માનસિક બીમારીઓથી ઘેરાઈ વળે છે.

મોટાભાગના ભારતીય નાગરિકો એવા છે જેમને પાંચથી વધુ સંતાનો છે. આમ એ દંપતિઓને ત્યાં આઠ-દસ સંતાનો જન્મ લે છે. પરંતુ કમજોર અને દુર્બળ શરીરને લીધે અકાળ મૃત્યુ જ પામે છે. આટલાં સંતાનોમાંથી ચાર-પાંચ સંતાનોનો જન્મ સ્ત્રીની ૩૦-૩૫ વર્ષની ઉંમરમાં જ થઈ જાય છે. પ્રસવકાળમાં વહી જતું લોહી, લોહીનું દૂધમાં બદલવાની પ્રાકૃતિક પ્રક્રિયા, તેથી પેદા થતું શારીરિક દુઃખ સ્ત્રીઓને આ ઉંમરમાં ખોખલી બનાવી દે છે અને તેમના સ્વાસ્થ્યને વેરવિખેર કરી દે છે. જો કે તેમની કમજોરી અને તેને કારણે થનારા રોગોના આક્રમણથી બચાવનો ઉપાય તો કરવામાં આવે છે, પરંતુ ઉપાયમાં કરેલો ખર્ચ નકામા રૂપિયા ફેંકી દેવા સમાન સિદ્ધ થાય છે. તે એટલા માટે છે કે જે કારણે કમજોરી આવી હોય છે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અને જેને લીધે એ તમામ રોગો પેદા થાય છે તેના મૂળ કારણ તરફ આપણું ધ્યાન જતું નથી. તેનું મૂળ કારણ છે અતિ પ્રજનન.

લોકો પોતાની પત્નીને પ્રિયા, પરમ પ્રેમાળ, જીવનસંગિની, અવિભક્ત સહચરી અને હૃદયેશ્વરી જેવા ન જાણે કેટકેટલાં વિશેષણોનો ઉપયોગ કરી સંબોધન કરે છે. પરંતુ પુરુષની ચાલાકીભર્યાં વાક્ચાતુર્ય દ્વારા અપાતાં વિશેષણો પત્નીને ઝેર પીરસતાં હોય છે, કારણ કે તે પત્નીને પોતાની વાસનાની પૂર્તિનું રમકડું બનાવીને એક પછી એક સંતાનોને જન્મ આપવા ફરજ પાડે છે અને તેના સ્વાસ્થ્યમાં ડાયનામાઈટ લગાવવા માટે વિવશ બનાવે છે. જો એક વખત આપણે તેને પ્રિયાની દૃષ્ટિથી ના જોઈએ, પરંતુ માનવતાની દૃષ્ટિથી જોઈએ અને તેની સ્થિતિ વિશે ઉદારતાપૂર્વક વિચાર કરીએ તો આપણાં કુકૃત્યો પ્રત્યે આપણને આપોઆપ શોક થવા લાગશે. સાથે એ પણ વિચારીએ કે તેના જર્જરિત થયેલા સ્વાસ્થ્ય પર અને તે રોગગ્રસ્ત નારી પર આપણે દિવસે દિવસે કેવા કેવા અત્યાચારો કરી રહ્યા છીએ, તો કદાચ આપણો વિવેક કંઈ વિચારવા અને સમજવાની દિશા બદલી લેશે.

પરંતુ જેમની આંખોમાં એક વખત કામવાસનાનાં ચશ્મા ચઢી ગયાં હોય અને જેઓ વાસનાની તૃપ્તિને પરમ સુખ માનતા હોય છે તેમના દૃષ્ટિકોણમાં આ પરિવર્તન એટલું સરળ નથી. કામુક માણસને આંધળો કહેવામાં આવ્યો છે. તેનામાં વિવેક જાગતો નથી, યોગ્ય-અયોગ્યનો નિર્ણય કરવાનું તેને આવડતું નથી. શું ઈચ્છનીય છે અને શું અનિચ્છનીય છે એનો નિશ્ચય જે કરી શકતો નથી તે પોતાની ભ્રમિત મનઃસ્થિતિને ઢંઢોળ્યા વિના બદલી શકતો નથી. આવા માણસોને નારી ન તો પ્રિયા લાગે છે કે ન તો જીવનસાથી જણાય છે. તેને પત્ની



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ફક્ત ભોગવિલાસની સામગ્રી જ જણાય છે, એટલે સુધી કે તે તેને બીમારીની અવસ્થામાં પણ છોડતો નથી. આ અતિશયતાને કારણે પતિ જ પત્નીને નબળાઈ, અશક્તિ અને રોગોની તરફ ધકેલે છે. અન્ય લોકોને જે પાપ વેશ્યાગમન કરવાથી લાગે છે તેવું જ પાપ આપણે પોતે જ કરવા લાગીએ છીએ, કારણકે વ્યભિચાર તો વ્યભિચાર છે પછી ભલે તે પત્નીની સાથેનો હોય કે પારકી નારી સાથેનો હોય. ખૂન ઘરના કોઈ સભ્યનું કરીએ કે બહારના માણસનું, તે બંને એક જ સ્તરનો ગુનો છે. ઘરના માણસનું ખૂન કરનારાને કાયદો ક્યાં છોડે છે ? આ જ રીતે ઘરમાં કરવામાં આવતા વ્યભિચારને કેવી રીતે માફ કરી શકાય ?

કોઈને મંદ ઝેર આપવામાં આવે કે પ્રાણનું સંકટ પેદા કરનાર અખાદ્ય વસ્તુ ખવડાવવામાં આવે, તો એ એક શિક્ષાપાત્ર ગુનો છે. યૌન અત્યાચાર દ્વારા શું પત્નીના ગુનેગાર ન ગણી શકાય ? એક વખતના પ્રજનનમાં સ્ત્રીના સ્વાસ્થ્યમાં એટલો ઘટાડો થાય છે કે જેની ખોટ પછીનાં અનેક વર્ષો સુધી પૂરી થઈ શકતી નથી. છતાંય લોકો પોતાની પત્નીને પ્રત્યેક વર્ષે એક બાળકને જન્મ આપવા માટે મજબૂર કરી દે છે. શું આ તેના જીવન માટે સંકટ પેદા કરવા જેવો ગુનો નથી. પતિ અને પત્ની સાથીદાર એટલા માટે છે કે તેઓ એકબીજાને સહકાર આપીને પ્રગતિના માર્ગ પર આગળ વધે. તેઓ એટલા માટે સાથીદાર નથી કે પતિ પોતાની પત્નીને વાસનાની વેદી પર ચઢાવીને તેના સ્વાસ્થ્ય અને યુવાનીને ફાંસી આપી દે. નારી સુંદર અને આકર્ષક હોવાથી ભોગ્યા છે, એ માન્યતા કોઈ પણ રીતે યોગ્ય ગણી શકાય નહીં. પુરુષ પણ ક્યાં બદસુરત છે, છતાંય નારી તેના પર ક્યાં અત્યાચાર કરે છે ? તે તો બિચારી એટલી અસહાય બનાવી દેવાઈ છે કે પુરુષની ઈચ્છાઓની સામે એક



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

રમકડાંની જેમ રજૂ થયા સિવાય તેને પાસે કોઈ ઉપાય હોતો નથી.

વાસના ખરાબ નથી. પ્રકૃતિમાં જીવનવ્યવસ્થા ચાલુ રહે એના માટે તેની એક મર્યાદા સુધી પૂર્તિ થવી જરૂરી છે. પરંતુ તેનો અર્થ એવો નથી કે તેના આવેગમાં પાગલ બનીને બીજા પક્ષ પર નિર્દયી આક્રમણ કરતા રહીએ અને નિર્દયતાપૂર્વક તેનું રૂપ-રંગ અને સ્વાસ્થ્ય લૂંટી લઈને હાડપિંજર બનાવી દેવામાં આવે. એવું સંભળાય છે કે કોઈ જમાનામાં કોઈ એક અત્યાચારી રાજા થયો હતો કે જે નિરપરાધ માણસોને ફક્ત મનોરંજન માટે જ ખૂબ જ ખરાબ રીતે મરાવી દેતો હતો, હત્યા કરવાની રીત પણ ઘણી જ ક્રૂર હતી તે માણસનો એક એક ટુકડા કરીને તેને તડપતો જોતો. આવો રાજા થયો છે કે નહીં તેની કોઈ ખબર નથી, પરંતુ આજે આપણે તે દરેક પતિને આ રીતનું નિર્દયી અને ક્રૂર કૃત્ય કરતો જોઈ શકીએ છીએ કે જે પોતાની ફૂલ જેવી સુકુમાર પત્નીને થોડા જ વર્ષોમાં હાડપિંજરનો માળો બનાવીને છોડી દે છે.

આટલું જ પૂરતું નથી. લોકો પત્નીનું સ્વાસ્થ્ય બરબાદ કરવાની સાથોસાથ સાત-આઠ સંતાનોની જવાબદારી પણ તેના પર નાંખે છે અને તેની જીવનભરની હસીખુશી ઝૂંટવી લે છે. આપણે તેની જરૂરિયાતોને પૂરી કરીએ છીએ અને તેની સુખ-સગવડોનું ધ્યાન રાખીએ છીએ, એ બાબતના આધાર પર આ બધા અત્યાચારો કરવામાં આવે છે. થોડા સરખા અનાજ અને થોડાંક વસ્ત્રોના માટે નારી પર આ રીતના માનવીય અત્યાચારો કરવામાં આવે, તો એ જ કહેવું પડશે કે પુરુષ હજુ પણ વાસ્તવિક સભ્યતાથી ઘણો જ પાછળના જંગલી યુગમાં જીવી રહ્યો છે. માનવીએ ભલે જ્ઞાન-વિજ્ઞાનના ક્ષેત્રમાં થોડી ઘણી પ્રગતિ કરી લીધી હોય, પરંતુ માનવતાની દૃષ્ટિએ તે હજુ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ઘણો પછાત જણાય છે.

આંકડા એ બતાવે છે કે પુરુષો કરતાં સ્ત્રીઓ વધુ બીમાર પડે છે. કેન્સર જેવા શારીરિક રોગો અને યૌનસંબંધી રોગોની સાથે પાગલપણું, હિસ્ટીરિયા, સ્મૃતિભ્રમ જેવા માનસિક રોગો પણ સ્ત્રીઓમાં વધુ પડતા ફેલાયેલા છે. એનું કારણ અતિ પ્રજનન અને કામુક અત્યાચારો છે. વૈજ્ઞાનિકો પણ હવે એ વાતનો સ્વીકાર કરવા લાગ્યા છે કે બે સંતાનોના જન્મમાં ઓછામાં ઓછું છ વર્ષનું અંતર રહેવું જોઈએ અને આ ગાળામાં તેને સ્વાસ્થ્યપ્રદ પૌષ્ટિક આહાર અને ચિંતામુક્ત વાતાવરણ મળવું જોઈએ. જો બાળકો જલદી-જલદી થાય છે કે પ્રસવવેળાએ સારો પૌષ્ટિક આહાર મળતો નથી તો તેની સ્વાસ્થ્ય પર ઘણી ખરાબ અસર થાય છે. લોહીમાં ઘણી ખોટ પડે છે અને બાળકોને દૂધ પીવડાવવાથી શરીરને પોષણ મળતું નથી. બાળકનું પોષણ માતાના દૂધથી જ થાય છે. તેના વિકસતા શરીરના માટે મુખ્ય વ્યક્તિ કરતાં વધુ પૌષ્ટિક તત્ત્વોની જરૂર પડે છે અને તે પૌષ્ટિક તત્ત્વો બાળકને ફક્ત માતાના દૂધમાંથી જ પ્રાપ્ત થાય છે. આ રીતે માતા જે થોડો ઘણો પૌષ્ટિક ખોરાક ખાય છે, તે દૂધના રૂપમાં બાળક પી લે છે, આથી માતાને વધુ પૌષ્ટિક પદાર્થો મળવા જોઈએ. એક હકીકત એ છે કે પૌષ્ટિક પદાર્થો સરળતાથી મળતા નથી. દૂધ, ઘી, માવો અને મલાઈ બજારમાં ઘણી જ મોંઘી કિંમત પર મળે છે અને સામાન્ય કુટુંબ તેને ખરીદી શકતું નથી. પરિણામસ્વરૂપે પ્રજનનને કારણે જે દુર્બળતા આવે છે તે જીવનપર્યંત ચાલુ રહે છે. વધી ઘટી શક્તિ બાળક દૂધના રૂપમાં પી લે છે. છતાંય વારંવાર પ્રજનન ! આ સ્થિતિ સ્ત્રીઓને માટે નિશ્ચિત રૂપે પ્રાણઘાતક સંકટ પેદા કરી દે છે.

આપણા દેશમાં જો સ્વસ્થ સ્ત્રીઓની શોધ કરવામાં આવે તો તેની ટકાવારી એક પણ નહીં હોય. કોઈ ખૂબ જ દુબળી,



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પાતળી, હાડપિંજર માત્ર હોય છે અને કોઈ વાત વિકારને કારણે વધુ પડતી જાડી અને સ્થૂળ બની જાય છે. સમય પહેલાં લગભગ બધી સ્ત્રીઓ વૃદ્ધ થઈ જાય છે અને કસમયે યુવાની ગુમાવી દેવાને કારણે યૌવનની સાથોસાથ તેમના જીવનનું આકર્ષણ, સ્ફૂર્તિ અને હસીખુશીનો સૂર્ય પણ આથમી જાય છે. સ્વસ્થ સ્થિતિમાં જે પ્રસન્નતા અને ઉલ્લાસ મળવો જોઈએ, તે સ્ત્રીઓમાં જોવા મળતો નથી.

અતિ પ્રજનન, વારંવાર પ્રજનનથી નારી અંદરથી ઘસાતી જઈને ખલાસ થઈ જાય છે. જો કૃત્રિમ સાધનો દ્વારા સંતાનોનો જન્મ થવાથી રોકી દેવામાં આવે તો પણ વાસનાની તે ખુલ્લી રમતનું મૂળ કારણ તો ચાલુ રહે છે. પ્રજનન અટકાવી દેવાથી જ ઘસારો બંધ થઈ જાય છે એમ વિચારવું ખોટું છે. આ ઉપભોગમાં પણ સ્ત્રીની શરીરની શક્તિનો ઓછો દુર્વ્યય થતો નથી. જીવની શક્તિ તારામંડળની માફક બળીને માત્ર કોલસો થઈ જાય છે. પુરુષને પણ ઓછું નુકસાન થતું નથી. એટલા માટે જરૂરી છે કે આપણે આપણી જીવનસાથીના પ્રત્યે માનવીય દૃષ્ટિકોણથી વિચાર કરીએ અને તેના પ્રત્યે થતો દુષ્ટ અત્યાચાર બંધ કરીએ.

મુદ્રક : યુગ નિર્માણ યોજના પ્રેસ, મથુરા.

Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org